Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४३ग
५०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ. નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રીનું

જીવનચરિત

CHECKED 1973
Initial

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

(બુદ્ધિપ્રકાશ, વર્ષ ૮૯—અંક ૪ અને વર્ષ ૯૦—અંક ૧ માંથી પુનર્મુદ્રિત)

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ.
૧૯૪૩
કી. ચાર આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक-संख्या 43 ग/40

पंजिका-संख्या 24624/24.3.2002

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 83.31/20
आगत सं० 21621
दि० 24.3.2023
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

स्व. નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રીનું

જીવનચરિત

પ્રાસ્તાવિક

આજે ઘણે કાળે નાથાશંકર શાસ્ત્રીનું સ્મરણ કરાવનાર પ્રો. ગોવિંદલાલ હરગોવિંદ ભટ્ટ એમ. એ. (વડોદરા કૉલેજના સંસ્કૃતના પ્રોફેસર), એમણે મને પ્રથમ પત્ર લખ્યો કે ' આપણી જ્ઞાતિના નાથાશંકર શાસ્ત્રી એક સાક્ષર હતા. તેમને માટે ' ગ્રંથ અને ગ્રંથકાર' એમાં લખવા માટે મને ભલામણ થઈ છે. એમના સંસર્ગવાળામાં હવે તમે એક જ છો તેથી તેમના સંબંધી જાણતા હો તે લખી મોકલો તો ઠીક. "

એમના પત્રના ઉત્તરમાં મેં લખ્યું કે "આપના જેટલો હું વિદ્વાન નથી. ઘણો કાળ થઈ ગયો છે, છતાં સ્મૃતિ મુજબ લખી મોકલું, પણ એ બાબતમાં આપ શું જાણવા ઇચ્છો છો તે જણાવો તો કંઈક લખી મોકલીશ."

તેના ઉત્તરમાં એમણે મને જણાવ્યું કેઃ—

૧. એમના કુટુંબનો ઇતિહાસ; અને એમનો ટૂંકામાં જીવનવૃત્તાંત.

૨. એમની પ્રવૃત્તિ, એમણે પ્રસિદ્ધ કરેલા ગ્રંથો, ૧ ત્રિમાસિક—પ્રાચીન કાવ્ય, ૨ પ્રાચીન કાવ્યમાળા; એ બન્ને માટે એમની પાસે પ્રાચીન ગ્રંથો—ક્યા ક્યા હતા ને તે કેવી રીતે મળ્યા કરેલા વગેરે.

૩. પ્રાચીન કાવ્યમાળાની શરૂઆત કેવી રીતે થઈ અને તેમાં સહાયક કોણ કોણ હતા તે વગેરે.

૪. પ્રેમાનંદ કવિનાં પુસ્તકો માટે ઘણા સાક્ષરોથી નિર્ણય થઈ શકતો નથી, બૃહદ્ કાવ્યદોહન પુ. ૮ માં જુદા પ્રકારે વર્ણન કરેલું છે. વળી ઘણાંનું માનવું છે કે તે પ્રેમાનંદનાં નહિ પણ બીજા કોઈનાં લખેલાં છે, તે માટે તમારો શો અભિપ્રાય છે ? એમની મંડળીના તમે એક જ બાકી રહ્યા છો. તમારી ઉત્તર વય થઈ છે તો હવે આ બાબત જે સત્ય હોય તે લખી જણાવો, જેથી સાક્ષર—વર્ગને ખરું શું તે જાણવાને મળશે; અને નાથાશંકરનો આત્મા પણ તમારી અંજલિથી પ્રસન્ન થશે, વગેરે.

આવી રીતે પ્રો. ભટ્ટે મને લખવાને ઉત્સુક કર્યો. મારી સ્મૃતિ મુજબ હું જે કંઈ લખું છું તેનું માન વાચકવૃંદ પ્રો. ભટ્ટને જ આપશે.

૧. નાથાશંકર શાસ્ત્રી સંબંધી વૃત્તાંત

પાટણના ગુર્જરનરેશ સિદ્ધરાજ જયસિંહે યજ્ઞમાં વરવા માટે ઉત્તરથી બ્રાહ્મણોને બોલાવ્યા હતા. તેમાંના હજાર બ્રાહ્મણોને હજાર ગામ દક્ષિણામાં આપ્યાં. તેમાંથી તેર બ્રાહ્મણોએ દક્ષિણા લેવા ના પાડી. તેમને તેમનું પૂજન કરતાં, બે તાંબૂલની વચમાં સોનાનાં પતરાં ઉપર લખેલાં ગામ ગુપ્ત રીતે આપ્યાં. તે તેર બ્રાહ્મણો ટોળું વળી જુદા બેઠા તેથી 'ઔદીચ્ય ટોળકિયા' કહેવાયા. તે ગામ તેમને ઘણો વખત સુધી પળતાં. તે અંગ્રેજોના વખતમાં ખાલસા થયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ટોળકિયામાં નવાગામ જેને મળ્યું હતું, તેના વંશજ કોઈ પૌલસ્ત્ય ગોત્રવાળાએ પોતાને પુત્ર નહિ હોવાથી એક ઋગ્વેદી બ્રાહ્મણના પુત્ર સાથે પોતાની પુત્રીનાં લગ્ન કર્યાં અને પોતાની મિલ્કત સોંપી. ત્યારથી તે નવાગામિયા ભટ્ટ કહેવાયા. તે મૂળપુરુષ **મહાદેવ ભટ્ટ.** આવી રીતે ટોળકિયાની જ્ઞાતિમાં નવાગામિયા ભટ્ટની ઉત્પત્તિની દંતકથા છે.

મૂળપુરુષ ૧ મહાદેવ ભટ્ટ, તેના ૨ સામજી, તેમના ૩ સોમદત્ત, તેમના ૪ સુરભટ્ટ, તેમના ૫ મૂળજી ભટ્ટ, તેમના ૬ રૂપશંકર, તેમના ૭ જગન્નાથ, તેમના ૮ પૂન્જાશંકર, અને તેમના ૯ નાથાશંકર.

સુરભટ્ટ અને તેમના ભાઇઓ આણંદ તાલુકાના તરણોલ ગામે મોશાળિયા ગરાસ ઉપર રહેવા આવેલા હતા.

નાથાશંકરની પાંચમી પેઢીના વડીલોનો ઇતિહાસ જાણવા જેવો છે. તે પુરુષ તે **મૂળજી ભટ્ટ.** તેમના પિતા તેમને નાની ઉમરના મૂકી ગુજરી ગયા હતા. તે તેમના ભાઈઓ વા પિતરાઈ ભાઇઓના હાથ નીચે ઊછર્યાં હતા. બાર વર્ષના થયા ત્યારે ખેતરમાં વાડ કરવા માટે સાથે લઈ ગયા. ખાડા ખોદતાં હાથે ફોલ્લા પડ્યા, બાર વાગ્યા, ભૂખ લાગી, રડી પડ્યા. ભાઇઓએ તેમને કહ્યું: " જા, જતો રહે. " ત્યાંથી જ કાશી તરફ ચાલી નીકળ્યા. કેટલેક દિવસે કાશી પહોંચ્યા, ત્યાં રહી વિદ્યાભ્યાસ કર્યો.

એમની દંતકથા એવી છે કે—એ કાશી ગયા ત્યાં ગંગાના તટ ઉપર કોઇને પૂછ્યું કે અહીં કોઈ સારા વિદ્વાન્ ભણાવનાર પંડિત છે ? તેણે મશ્કરીમાં કોઈ ઘરમાં બ્રહ્મરાક્ષસ થયેલા પંડિત રહેતા હતા તે શાસ્ત્રીનું ઘર બતાવ્યું. તે ઘરમાં ગયા. તે વખતે તે ધ્યાનસ્થ હતા. એક રાત્રિ અને દિવસ તેમના સામું જોઈ મૂળજી ભટ્ટ બેસી રહ્યા. પછી તે સમાધિમાંથી જાગ્યા અને ભટ્ટને આવવાનું કારણ પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું કે હું ભણવા માટે આવ્યો છું. તેમણે કહ્યું: આ ઘરમાં સર્વે વસ્તુઓ છે; ત્રણ વર્ષ સુધી ઘરમાંથી બહાર નહિ જવાય; બધાં બારણાં બંધ કરો અને ઘરમાં રહીને જ અભ્યાસ કરો. મૂળજી ભટ્ટે તે પ્રમાણે કર્યું. શાસ્ત્રોનો અભ્યાસ પૂર્ણ થયા પછી એ બ્રહ્મરાક્ષસે બધી વાત કહી અને પોતાનાં પુસ્તકો ગંગાજીમાં નંખાવ્યાં અને કહ્યું કે હું તારી સાથે ગુજરાતમાં આવીશ; ત્યાં ભગવાનનો અવતાર થયો છે; ત્યાં તેમનાં દર્શનથી મારો મોક્ષ થશે. એમ કહી ત્યાંથી ગુજરાતમાં આવ્યા. આ તો દંતકથા છે. ખરી વાત તો એ કે તે શાસ્ત્રોનો અભ્યાસ કરી, પોતાને વતન તરણોલ આવ્યા.

થોડા વખત પછી એ વડોદરા આવ્યા. એ વખતે સયાજીરાવ (બીજા) ગાયકવાડ મહારાજા ગાદીપતિ હતા. દક્ષિણથી કોઈ વિદ્વાન શાસ્ત્રી આવેલા હતા, તે દરેક રાજસભામાં જઈ, શાસ્ત્રીઓ સાથે શાસ્ત્રાર્થ કરી, જીતનું પ્રમાણપત્ર લેતા હતા, તેમની સાથે વાદમાં વડોદરાના શાસ્ત્રીઓ હારવાની તૈયારીમાં હતા, તે વખતે એ સભામાં મૂળજી ભટ્ટ એક બાજૂ બેઠા હતા તેમણે આગળ આવી, વાદ કરવામાં ભાગ લીધો, અને એ તૈલંગ શાસ્ત્રીને હરાવ્યા. મહારાજા સયાજીરાવે ખુશ થઈ દર વર્ષે બારસો રૂપિયાનું વર્ષાસન બાંધી આપ્યું અને ગાડી આપી; બાજવાડામાં રહેવાને મકાન આપ્યું હતું. તે મકાનમાં તેમના પુત્ર રૂપશંકર શાસ્ત્રી પણ રહેતા હતા. રૂપશંકરના પુત્ર જગન્નાથ રંગમહાલમાં રહેવા આવેલા, એમ નાથાશંકર કહેતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વખતે ગુજરાતમાં સ્વામિનારાયણનું પ્રાકટ્ય પ્રસિદ્ધ થયું હતું. વડોદરાથી મૂળજી શાસ્ત્રી વડતાલ ગયા. સ્વામિનારાયણે કહ્યું કે શાસ્ત્રીજી, બ્રહ્મચારી થશો? તો તેમણે કહ્યું કે હજુ તો મારે લગ્ન કરવાં છે; હું બ્રહ્મચારી થાઉં તેમ નથી. ત્યારે તેમણે કહ્યું: ઠીક, તમોને ભારે દુ:ખ આવે ત્યારે અમોને સંભારજો.

મૂળજી ભટ્ટ શાસ્ત્રી તરણોલ ગયા. તેમનાં લગ્ન થયાં. એ વડોદરા અને તરણોલ બન્ને જગ્યાએ રહેતા હતા. તેમને એક પુત્ર થયો, જે નાથાશંકરના પ્રપિતામહ થાય.

મૂળજી ભટ્ટની જાહોજલાલી તેમના પિતરાઈઓ તથા બીજાઓથી ખમી ન શકાવાથી, અથવા ગમે તે કારણોથી, તરણોલમાં તેમને મારી નાંખવાનું કાવતરું રચાયું. સ્ત્રી, મૂળજી ભટ્ટ અને પુત્ર માળ ઉપર સૂતેલાં હતાં અને નીચે ઘરમાં મારાઓ દાખલ થયા. તે વાત તે જાણી ગયા. સ્વામિનારાયણે કહેલું વાક્ય યાદ કરી, તેમને સંભાર્યા. કહે છે કે ત્યાં કોઈએ અંતરીક્ષથી આવી, હાથ પકડી, તરણોલથી બે ગાઉ દૂર રાંતલાવ ગામના:ચરામાં મૂકી દીધા. રાત અંધારી હતી. ત્યાં રાત્રે કોઈ બ્રાહ્મણ મળ્યો. તેણે પૂછ્યું કે ક્યાં જવું છે? ત્યારે તેમણે કહ્યું કે મારે વડતાલ જવું છે. તેણે કહ્યું કે મારી સાથે ચાલો. બન્ને વડતાલની ભાગોળે આવ્યા. બ્રાહ્મણ અદૃશ્ય થયો—ચાલ્યો ગયો. શાસ્ત્રી સ્વામિનારાયણ પાસે ગયા; ત્યારે મહારાજે કહ્યું: શાસ્ત્રીજી, બ્રહ્મચારી થશો? તેમણે કહ્યું: હા! એમને બ્રાહ્મચારીની દીક્ષા આપી અને અચિન્ત્યાનંદ નામ પાડયું. આ વખતે મહારાજ પાસે જૂનાગઢના મહંત ગુણાતીતાનંદજીએ એમને જૂનાગઢના મંદિરમાં રાખવાને માટે માંગણી કરી તેની મહરાજે હા પાડી. તે વખતે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું: સ્વામી, તમે તો ભોળા કહેવાઓ છો, પણ આજે તમે મહારાજ પાસેથી ચરોતરનું હૃદય માંગી લીધું. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું: જૂનાગઢમાં વિદ્વાનો ઘણા છે અને નાગરોનું જોર ઘણું છે, માટે અમારે એવા શાસ્ત્રી જોઈએ. એમ મૂળજી ભટ્ટ શાસ્ત્રી તે અચિન્ત્યાનંદ બ્રહ્મચારી થયા, એ વાત સ્વામિનારાયણના સત્સંગમાં પ્રસિદ્ધ છે.

અચિન્ત્યાનંદ બ્રહ્મચારીએ સંસ્કૃતમાં અને હિંદીમાં સારા સારા ગ્રંથો લખેલા પ્રસિદ્ધ છે. એમના દૃઢ વૈરાગ્ય અને શુદ્ધ ઉપાસના માટે સત્સંગીઓ એકી અવાજે વખાણ કરે છે.

મૂળજી ભટ્ટ—શાસ્ત્રી—બ્રહ્મચારીનાં ધર્મપત્ની, શુદ્ધ પવિત્ર હતાં. પોતાના નાના બાળકને ઉછેરતાં, વડોદરા અને તરણોલમાં રહેતાં. એ બાળક તે **રૂપશંકર શાસ્ત્રી.** તેમને ઉપનયન સંસ્કાર વડોદરામાં મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીની દેખરેખ નીચે થયો હતો. પછી તે વડોદરાના શાસ્ત્રી (શોભારામ?) પાસે વિદ્યાભ્યાસ કરી, શાસ્ત્રીઓની પંક્તિમાં ભળ્યા હતા, તેથી મૂળજી ભટ્ટ શાસ્ત્રીનું વર્ષાસન એમને મળતું. અચિન્ત્યાનંદ બ્રહ્મચારી જૂનાગઢથી વડતાળ આવતા, ત્યારે તેમના દર્શનાર્થે રૂપશંકર શાસ્ત્રી જતા. તે વખતે બ્રહ્મચારી તેમને શાસ્ત્રોમાંની ઘણી ખૂંચો, યુક્તિઓ સમજાવતા. અચિન્ત્યાનંદ બ્રહ્મચારીનું અવસાન જૂનાગઢમાં થયું તે વખતે તેમનાં પત્ની તરણોલ હતાં તે વાત તેમણે હૃદયાકાશના ધ્વનિથી જાણીને બધાંને કહ્યું અને સતી થવાને તૈયાર થયાં તે વખતે તાર, ટપાલ કે ગાડી નહતી, તેથી ખરી ખબર મળ્યા સિવાય સતી થતાં અટકાવ્યાં. બાઈ પોતે ઘીનો દીવો કરી, અન્ન જળ લીધા સિવાય, ધ્યાનસ્થ દશામાં

पुस्तकालय
गुरुकुल क.
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસન વાળી ફળિયા વચ્ચે ચોકમાં બેઠાં. અરાઢ દિવસે જૂનાગઢથી ખેપિયો તરણોલ આવ્યો, તેણે બ્રહ્મચારીના અવસાનનો પત્ર આપ્યો. તે વાંચતાં જ એ સતીનો જીવાત્મા દેહમાંથી ચાલ્યો ગયો. એમના દેહને તેમના પુત્ર રૂપશંકરે અગ્નિસંસ્કાર કર્યો. તે જગ્યા ઉપર ઓટો કરી, દેરી બંધાવી છે. ત્યાં એમના કુળના પુત્રોના (ચૌલ સંસ્કાર) બાળવાળ ઉતરાવે છે અને લગ્ન વખતે વરઘોડિયાંને પગે લગાડે છે. એ સતીના કુળની સ્ત્રીઓ કોઇનાં બાળકો ચામડીના રોગથી કોહી ગયાં હોય તો સૂર્યોદય થતાં પહેલાં મોંમાં પાણી ભરી તે બાળકો ઉપર ફૂંકારે છે, તેથી તેનો કોહવાડો મટી જાય છે એમ લોકોમાં માન્યતા છે. નાથાશંકરનાં પત્ની હજુ પણ આવી રીતે ફૂંકારે છે અને ‘મારા કુળમાં સતી થઇ છે’ એવું માન ધરાવે છે.

મૂળજી ભટ્ટના **રૂપશંકર ભટ્ટ**, એ વડોદરા મહારાજાની શાસ્ત્રીઓની સભામાં શાસ્ત્રીની પદવીએ હતા, તેમને એમના પિતાનું વર્ષાસન મળતું.

તેમના પુત્ર **જગન્નાથ ભટ્ટે** શાસ્ત્રોનો સાધારણ અભ્યાસ કર્યો હતો. ગધ્ધાપચ્ચીશીની જુવાનીમાં પોતાને ઘેર નાયકાનો નાચ કરાવ્યો, તે વાત સરકારે જાણી અને તેમનું વર્ષાસન બંધ કર્યું, અને બાજવાડાવાળા ઘરમાંથી કાઢી મૂક્યા, તેથી વાડી રંગમહાલમાં રહેવા આવ્યા. ઉદ્ધતાઇનો ત્યાગ કરી, તેથી પસ્તાઇ, પાંચ વર્ષના પુત્રને મૂકી, સંન્યાસી થયા. રૂપશંકર શાસ્ત્રીએ બંધાવેલા શિવાલય અને બાગના બંગલામાં તે રહેતા. ત્યાં જ તેમનું અવસાન થયું.

જગન્નાથ ભટ્ટના પુત્ર **પૂજાશંકર** બાપના અવસાન સમયે પાંચ વર્ષની નાની ઉમરના હતા, તેથી તેમનાં ફોઇ, રૂપશંકર શાસ્ત્રીની દીકરી પાર્વતી, જે ખંભાત પરણાવ્યાં હતાં, તે વિધવા હતાં, તેમણે ઘરનો કારભાર હાથમાં લીધો. તેમણે અને બીજા શાસ્ત્રીઓએ મહારાજા સાહેબને વિનંતી કરવાથી સરકારે ત્રણસો રૂપિયાનું વર્ષાસન ચાલુ રાખ્યું. પૂજાશંકર ભટ્ટ શાસ્ત્ર ભણેલા ન હતા, પણ ચાલતી આવેલી અટકથી શાસ્ત્રી કહેવાતા હતા. તેમનાં લગ્ન વડોદરામાં નવી પોળમાં રહેનાર વ્યાસ પુરુષોત્તમની પુત્રી—ઊજમ સાથે થયાં હતાં. એ ઘણાં સુશીલ અને ભોળાં હતાં. તેમના સુપુત્ર તે **નાથાશંકર શાસ્ત્રી.**

પૂજાશંકર ભટ્ટનું અવસાન સંવત્ ૧૯૨૨ ની સાલમાં થયું. મરતાં પહેલાં બે વર્ષ એમને મૃગીવાયુ—ગાંડપણ—થયું હતું. એ જ રોગથી તેમનું અવસાન થયું હતું.

૨. નાથાશંકર શાસ્ત્રીનું જીવનવૃત્તાંત

(પૂર્વ જીવન)

પૂજાશંકર ભટ્ટ અને તેમનાં પવિત્ર પત્ની ઊજમને પેટે નાથાશંકર શાસ્ત્રીનો જન્મ સંવત્ ૧૯૧૭ ના આસો સુદિ પૂનમના રોજ થયો હતો. એમના જન્મ પછી પાંચ વર્ષે એમના પિતાનું અવસાન થયું હતું. નાનપણમાં ઘણો ભાગ મોસાળમાં તથા ઘણો ભાગ બાપની ફોઈના હાથ નીચે ઊછરી મોટા થયા હતા. મોં જોયા એકના એક પુત્ર અને મોસાળમાં ઊછરતા હતા તેથી નાનપણમાં રમતિયાળ છોકરાંની સોબતમાં ભળવાથી વિદ્યાભ્યાસ કરી શક્યા નહિ. ચાર ધોરણ ગુજરાતી અને બે ધોરણ અંગ્રેજી પંદર વર્ષની ઉમર સુધીમાં ભણ્યા હતા. પછી નિશાળ છોડી, ઉત્તમરામ જોશીની પાઠશાળામાં મામાના કહેવાથી દાખલ થયા. ત્યાં પણ કંઈ ઘોળ્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અરસામાં મામાએ તથા ફોઈ પાર્વતીએ મળી સંવત્ ૧૯૩૨ માં અમદાવાદના કાળિદાસ વ્યાસની પુત્રી દિવાળી સાથે લગ્ન કરાવ્યાં, જે હાલ હયાત છે. લગ્ન વખતે દિવાળીની ઉમર સોળ વર્ષની હતી. તે છ ચોપડી ભણ્યાં હતાં. તેમણે વડોદરામાં ગુજરાતી નિશાળમાં પંદરના પગારથી નોકરી લીધી હતી. એક વર્ષ નોકરી કર્યા પછી નાથાશંકરે નોકરી કરવાની તેમને ના પાડી, અને નોકરી છોડાવી.

નાથાશંકર જ્યોતિષ શાળા છોડ્યા પછી ચિત્રકળા શીખવા લાગ્યા. માટીના ગણપતિ, અને ઘાપહાણ—ચિરોડીનાં પૂતળાં બનાવતા અને વેચતા, તેથી રખડાઉપણાનું પોષણ કરતા.

મોટી ઉમરમાં પણ એમને પતંગ ઉડાડવાનો શોખ હતો, તેથી મામાના ઘરમાંથી કંઇ વસ્તુ પૂછ્યા સિવાય લીધી. મામાએ ઠપકો આપ્યો. તેથી તેમને ચટકી લાગી અને પૂર્વનું પ્રારબ્ધ પ્રકટ થવાને કારણ મળ્યું. पिता पुत्रेषु जायते। અથવા शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते । એવાં કોઇ દૈવી કારણોથી એમની મતિ પલટાઈ. બાવીસ વર્ષની ઉમરે, સંવત્ ૧૯૩૯ ના માઘ માસથી દોઢ વર્ષ પર્યંત મૌન સેવી, બ્રહ્મચર્ય પાળી, પોતાના ઘરને ત્રીજે માળે બેસી, મહાભારતનું (ગુજરાતી ભાષાંતર) પાંચ વખત પારાયણ કર્યું. તેમાંના ઘણા પ્રસંગોના—આખ્યાનોના ઉતારા કરી લીધા હતા. એમ દોઢ વર્ષ પર્યંત મૌન સેવવાથી અને મહાભારતના પારાયણથી બુદ્ધિ નિર્મળ થઈ અને ભાગ્યોદયની સિદ્ધિ પ્રાપ્ત થઈ, ને કાવ્યશક્તિ ખીલી; કાવ્યો રચવા, લખવા, અને પ્રસિદ્ધ કરવાની ઉત્કંઠા થઇ.

સંવત્ ૧૯૪૧ થી ૧૯૪૩ સુધી "વડોદરા વત્સલ"માં પ્રથમ પ્રૂફ રીડર, અને પછી રિપોર્ટર તરીકે કામ કરતા હતા. તે વખતે વડોદરામાં એ એક જ છાપખાનું હતું. આ અરસામાં પ્રથમ સંપાદક તરીકે પોતાના નામથી —કવિ શામળની વિનેચટની વાર્તા અને પછી પ્રેમાનંદકૃત "રણયજ્ઞ અને ચંદ્રહાસ" એ બે પ્રાચીન પુસ્તકો અમદાવાદ—આર્યોદય પ્રેસમાં હરગોવિંદદાસની સહાયતાથી તેમની સાથે જ નામ આપી છપાવી પ્રસિદ્ધ કર્યાં હતાં. તે પછી ત્રિમાસિક—પ્રાચીન કાવ્ય, કેળવણી માસિક, છાપખાનું, પ્રાચીન કાવ્યમાળા અને નાટક કંપની કાઢી હતી. તેનું વર્ણન તે તેના પ્રકરણમાં કરવામાં આવશે.

એમનો સ્વભાવ હસમુખો, મોજીલો અને હઠાગ્રહી હતો. આરંભશૂર ન હતા. જે કામ કરવાનો આરંભ કરે તે કામ કોઈપણ ભોગે દુઃખ વેઠીને પૂરું કરવામાં ખંત રાખતા. માટે તેમના મિત્રો તેમને હઠાગ્રહી કહેતા.

કોઈની સાથે વાત કરવામાં પણ હાસ્ય અને વિનોદ તો હોય જ. વાક્યો પણ અલંકાર-વાળાં અને હાસ્યરસયુક્ત—હોય તેથી ગમે તેને તે પ્રિય લાગતા. ઘણી જ ગંભીરાઈથી વાત કરતા. પોતાના મનનો અભિપ્રાય ઝટ પ્રસિદ્ધ ન કરતાં સામાના મનનો ભાવ ઝટ જાણી લેતા. વાક્ચાતુર્યમાં પ્રવીણ હતા. તેથી જ એ રાવબહાદુર હરગોવિંદદાસ કાંટાવાળા અને મર્હુમ દીવાન બહાદુર મણિભાઈના મુખ્તનું પાન થયા હતા.

એમનું અંગત મિત્રમંડળ

પ્રથમ ભાઇશંકર જેશંકર વ્યાસ જે પ્રથમ રંગમહાલમાં રહેતા હતા, અને પછી ઘનશ્યામ બાપુભાઈ વૈદ્ય, અંબાશંકર બેચર ભટ્ટ વૈદ્ય, છોટાલાલ નરભેરામ ભટ્ટ (માસ્તર) અને આખરના ભાગમાં મને મિત્ર ગણતા.

બાળકપણામાં પોતાની સાથે રમનાર મિત્રોને વીસર્યા ન હતા. દરેકને છાપખાનામાં તથા બીજાં કામોમાં તેમની લાયકાત મુજબ ઉદ્યમે લગાડ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમનો વિનોદી સ્વભાવ ને ઉદારતા

એક વખત 'વીરક્ષેત્ર' છાપખાનાના બધા—નોકરોને—સાઠ માણસોને સાથે લઈ બાર ઘોડાગાડી ભાડે કરી, આજવાનું તળાવ જોવા ગયા. ત્યાં ખૂબ વિનોદ કર્યો. બધાનો ખર્ચ લગભગ દોઢસો રૂપિયા છાપખાનાના ચોપડે પોતાને નામે લખાવ્યો હતો.

એક વખત છાપખાનાના દરેક નોકરને કહ્યું કે ચાણોદની યાત્રા કરવા જવું છે, તેમાં દરેક નોકરે પોતાની સ્ત્રીની સાથે આવવું; જેની સ્ત્રીને ધાવણું બાળક હોય તેને ન લાવવી. ચાળીસ જોડાં—લગભગ પંચાસી માણસ યાત્રાએ નીકળ્યાં, ટ્રેનમાં ડબ્બો સ્પેશિયલ, નાવડીઓ પણ—સ્પેશિયલ હતી. ચાણોદ, કરનાળી, નાની—મોટી પનોતી, વ્યાસ, અનસૂયા ક્ષેત્ર, વગેરે સ્થાનોમાં ફરતાં પાંચ દિવસ ચાણોદમાં ગાળ્યા. આવતાં એક દિવસ ડભોઇ રહ્યા, તેન તળાવ જોયું. એ સાત દિવસોનો વિનોદ અવર્ણનીય હતો. એ બધો ખર્ચ છાપખાનાના કોઈ પણ માણસની પાસેથી લીધો નહતો.

સગાં સહોદર અને જ્ઞાતિવ્યવહારમાં પ્રવીણ હતા. પોતાના મોટા પુત્રના લગ્ન પ્રસંગે વડોદરામાં સારો ખર્ચ કરી જ્ઞાતિમાં પણ કીર્તિ મેળવી હતી. તેઓ કોઈ કોઈ વખત જ્ઞાતિની પટેલાઈ કરવામાં પણ ભાગ લેતા.

પરમેશ્વર ઉપર આસ્થાવાળા હતા. બહિર્દષ્ટિએ પૂજન ન કરતાં અંતર્દષ્ટિએ પૂજન કરતાઃ દરરોજ નાહીને માહાભારત, કે શ્રીમદ્ ભાગવત-યોગવાસિષ્ઠ રામાયણ અને શંકરદિગ્વિજયનું મરાઠી ભાષાંતર, કોઈના પણ એક અધ્યાયનો પાઠ કરતા. દરવર્ષે આષાઢ સુદિ પૂનમને રોજ, કોઈપણ સારા શાસ્ત્રીને બોલાવી, વ્યાસપૂજન કરી, મહાભારતનું કોઇપણ આખ્યાન સાંભળતા, અને મિત્રો સાથે ભોજન કરી આનંદ કરતા.

વ્યાસ—શાસ્ત્રી પાસે જે આખ્યાન વંચાવે તેમાં પણ કંઇક સિદ્ધાંત સમજવાની યુક્તિ તો હોય જ. એક વખતે સરકારી પાઠશાળાના અધ્યાપક રામકૃષ્ણ શાસ્ત્રીને બોલાવી વ્યાસપૂજન કર્યું, કર્ણના જન્મના પ્રસંગના અધ્યાયની કથા કરાવી. કુંવારાં કુંતાજીને આકાશમાંથી સૂર્યે આવીને ગર્ભાધાન કર્યું, એ બાબતમાં નાથાશંકરે શંકા ઉઠાવી. રામકૃષ્ણથી ખરો ખુલાસો ન થયો ત્યારે પોતે શાંતિપર્વનો અધ્યાય વંચાવી તેનો નિર્ણય કરી બતાવ્યો. રામકૃષ્ણ શાસ્ત્રી તે જાણી ખુશી થયા અને કહ્યું કે જેણે મહાભારતનો અભ્યાસ કર્યો હોય અને જે પૂર્વાપરનો સંબંધ જાણતો હોય તે જ ખરો નિર્ણય કરી શકે. શાસ્ત્રીને પંદર રૂપિયા દક્ષિણા આપીને ખુશી કર્યા હતા.

એમને તરતાં ઘણું સારું આવડતું હતું. અંબાશંકર ભટ્ટના પિતા બેચર વૈદ્ય જેવા જ એ તરવામાં હોશિયાર હતા. વાડીમાં કોઇ વૃદ્ધનું મરણ થાય તે પ્રસંગે રામનાથના તળાવમાં બીજા માણસ તેમના પગે દોરી બાંધી એમને ખેંચી સામે કિનારે લઈ જતા. એવી રીતે ઘણા પ્રકારે વિનોદ કરતા.

સંવત્ ૧૯૫૦ની સાલમાં નાટક કંપની ભાવનગર હતી. શ્રાવણ વદિ અમાસના રોજ બધી કંપની સાથે સમુદ્ર-સ્નાન કરવા ગયા. ત્યાં ભિક્ષુક બ્રાહ્મણો તો ખરા જ. નહાતા પહેલાં બધાને બોલાવી આઠ આઠ આના દક્ષિણા આપી પછી સ્નાન કર્યું. ભરતી હતી. તરતાં આવડે છે તે અભિમાનથી ડૂબકી મારી, આગળ જવા લાગ્યા. કોઈ મોજાના સપાટાથી અઢધો એક માઇલ દૂર નીકળી ગયા. તણાઇ ગયા ધારી કિનારે રડારોળ થઇ રહી. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે ભાવનગરમાં "રાધાવિલાસ" નામનો નવો ખેલ સ્ટેજ ઉપર મૂક્યો હતો, તે જોવા ઘનસ્યામ અને છોટાલાલ માસ્તરને પણ બોલાવ્યા હતા. હું પણ ત્યાં જ હતો. અમે બધા ઉદાસ થઇ ગયા. બીજા નાની નાવડીવાળાઓને બોલાવવા દોડયા. એટલામાં પ્રભુઇચ્છાથી, સમુદ્રના મોજાથી, સમુદ્રે, કિનારે લાવી મૂકી દીધા. બધાઓએ એ બચ્યા તે નિમિત્તે બ્રાહ્મણોને દાન કર્યું. દલપતરામ કવિ કહે છે કે "સાપ, કેફ ને જળની રેલ, તેની સાથે ન કરો ખેલ." અહીં એ પણ યાદ રાખવા જેવું છે.

એમનાં આલંકારિક વાકયો સંભારતાં ખેદ થાય છે. વધુ જીવ્યા હોત તો શું ન કરત? સાહિત્યના ક્ષેત્રમાં ઘણો પ્રકાશ પાડત. પોતાની આપ્ત મંડળીમાં પણ વિનોદી અને અર્થસૂચક વાકયોથી બોલાવતા. ભાઈશંકર વ્યાસને "ચિદ્બ્રહ્મ," છોટાલાલ માસ્તરને "પુરાણી રાણી", અંબાશંકર ભટ્ટને "એચર કાકાની ઈંટ", ઘનસ્યામને "ભીમસેની", અને મને "શુકલાંબર" કહી બોલાવતા. એવી રીતે બીજા મિત્રોનાં નામ પણ પાડ્યાં હતાં. એમનામાં કવિત્વશક્તિ ઘણી ઉત્તમ હતી.

એક વખત અમે બન્ને એમની અગાશીમાં બેઠા હતા. મેં વિનોદમાં કહ્યું: તમારા મિત્રો કહે છે કે તમે તો સ્વચ્છંદી હતા, અને આવી કવિત્વશક્તિ શી રીતે પ્રાપ્ત થઈ? ત્યારે તેમણે કહ્યું કે કવિ કર્યા થતા નથી, એ તો ઈશ્વરદત્ત બુદ્ધિ છે. દરેક કવિ સ્વચ્છંદી હતા અને છે. થયેલા કવિ તો "આરસામાં પ્રતિબિંબ પડે તેવા છે." મેં કહ્યું: મને કવિતા કરતાં શિખવાડશો? ત્યારે તેમણે કહ્યું કે કવિતા શિખવાડી ન આવડે, પણ યત્ન કરો તો કંઇક આવડે. એમ કહી પાદપૂર્તિ માટે એક ચરણ બોલ્યા અને કહ્યું કે લખી લો:—

"છોરા ખેલે જહીંતહીં ખરે, હર્ષથી દોર ઝાલી."

મંદાક્રાન્તા વૃત્તનું માપ બતાવ્યું. જ્યારે આનંદમાં હોય ત્યારે એવી પાદપૂર્તિ આપી કવિતા કરવાનું મને કહેતા, અને તેનાં માપ શીખવતા.

કવિ દલપતરામના પિંગળનો એ ઉપયોગ ન કરતા, પણ નાગપિંગળનો એ ઉપયોગ કરતા. એમની કવિત્વશક્તિની વાત હવે પછીના વિવેચનમાં સમજાશે.

ભટ્ટ સાહેબ! મને શાસ્ત્રીનો પ્રસંગ થયો ત્યાંથી તેમના અવસાન સુધીમાં ઘણી વાત જાણવા જેવી છે. અહીં સુધી તો આપના પ્રથમ સૂચનનું ટૂંકામાં વર્ણન કર્યું છે. આપનાં બીજાં સૂચનોમાં એમની ઘણી વાત જાણવાની મળશે.

શાસ્ત્રીનું વૃત્તાંત કોઈ સારો વિદ્વાન લેખક હોત તો આલંકારિક વાકયોમાં ઘણું સારું લખત. હવે આપના બીજા પ્રશ્નોના ઉત્તરમાં કવિ, કવિતા કે તેમનાં વાકયોના ગુણદોષ સબંધી લખવા મારી શક્તિ નથી. તે તો કે. હ. ધ્રુવે તથા નરસિંહરાવે ઘણું લખ્યું છે, અને હજુ સુધી પણ ઘણા વિદ્વાન સાક્ષરો સાહિત્ય પરિષદોમાં ને પેપરોમાં ઘણી રીતે લખે છે, અને લખાય છે. એ કામ એવા વિદ્વાનોનું છે. હું તો એક કથાકારની પેઠે આપે સૂચવેલી નાથાશંકરની પ્રવૃત્તિઓનું જ વર્ણન લખીશ.

મારું સાલંકૃત લખાણ નથી, તેથી હાલના યુવાન સાક્ષરોને નીરસ લાગશે. અને ખરી હકીકત જાણવાની ઉત્કંઠાવાળાને વખતે સારું પણ લાગશે. અસ્તુ.

હવે આપના સૂચવ્યા મુજબ નાથાશંકર શાસ્ત્રીની પ્રવૃત્તિઓ અનુક્રમે લખું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. નાથાશંકર શાસ્ત્રીની પ્રવૃત્તિઓ

પ્રવૃત્તિ ૧

મનુષ્યનો જ્યારે ભગ્યોદય થવાનો હોય ત્યારે તેને સન્મતિ સૂઝે છે. જીવાત્મા ઉપરનાં આવરણ દૂર થાય છે, ત્યારે તે ઉપર પ્રીતિ થાય છે. તેનાથી બુદ્ધિ નિર્મળ થાય છે, ત્યારે તે સત્કર્મ કરી શકે છે. વ્યાસ નારાયણ પોતાના દરેક ગ્રંથને અન્તે લખે છે કે આ ગ્રંથ જે કોઈ વાંચશે કે સાંભળશે તેના આ લોક ને પરલોક સુધરશે. તે મુજબ નાથાશંકરે દોઢ વર્ષ પર્યંત મહાભારતનું પાંચ વખત પારાયણ કર્યું તેનું ફળ પ્રકટ થઈ આવ્યું.

'વડોદરા વત્સલ' માં પ્રૂફ રીડરનું કામ કરતાં પ્રથમ પ્રેમાનંદકૃત 'રણયજ્ઞ અને ચંદ્રહાસ' એ બે પુસ્તકો છપાવી પ્રસિદ્ધ કર્યાં. એ બે પુસ્તકોથી જ એમની કીર્તિનું બીજ રોપાયું. પ્રેમાનંદ જેવા રસજ્ઞ કવિ અને તેનાં રસે યુક્ત આ બે પુસ્તકો વાંચતાં સાક્ષર-વર્ગની દૃષ્ટિ નાથાશંકર ઉપર પડી.

હસ્તલિખિત પ્રાચીન પુસ્તકો

નાથાશંકર "વડોદરા વત્સલ" માં નોકર હતા તે વખતે અને તે પહેલાં સન ૧૮૬૩–૬૪ માં કવિ નર્મદાશંકરના પક્ષવાળાઓ તે વખતનાં માસિકોમાં શામળ કવિને શ્રેષ્ઠ ગણી તેનાં વખાણ કરતા, તે તથા કવિ દલપતરામ અને તેમના પક્ષવાળા રા. બા. હરગોવિંદદાસ વગેરે "બુદ્ધિપ્રકાશ" માં અને બીજાં "શાળાપત્ર" વગેરે માસિકોમાં મહાકવિ પ્રેમાનંદનાં વખાણ કરતા. એ ઝઘડો, એ માસિકોની ફાઈલોમાં નાથાશંકરે ખૂબ લક્ષ્ય રાખી વાંચેલો હતો અને તેની નોટ કરી રાખેલી હતી. એમણે વડોદરામાંથી જે જે હસ્તલિખિત પ્રાચીન ગ્રંથો મળ્યા તેનો સંગ્રહ કરવા માંડ્યો હતો. જે માણસ એવા પ્રાચીન ગ્રંથ નાથાશંકરને આપવાની ના પાડતા તેમને ત્યાં બેસી ગ્રંથમાં શું શું છે તે પોતાની બૂકમાં નોંધી લેતા. ઘણી જગ્યાએ એક જ ચોપડામાં (પુસ્તકમાં—ગુટકામાં) ઘણા કવિઓનાં કાવ્યો લખી લીધેલાં હોય છે, તે તપાસીને તેનાં નામ ઉતારી લેતા. એમ પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ કરવા લાગ્યા હતા. અને એ પુસ્તકોના કથાકાર પાસેથી અનેક પ્રકારે પ્રશ્ન પૂછીને તે કવિઓનાં જન્મચરિત પૂછી તેની નોંધ પોતાની નોંધ-બૂકમાં કરી લેતા. એવી ચાર ચાર નોંધબૂકો એમની પાસે હતી. તે મેં વાંચી હતી. પાટણના ભાલણ કવિના જન્મચરિત્રની એક બૂક ત્યાંના મહંત નારાયણ ભારતીના હાથની લખેલી જુદી હતી. નારાયણ ભારતીએ ભાલણનાં અને કેટલાક બીજા કવિઓનાં પુસ્તક શાસ્ત્રીને મોકલી આપ્યાં હતાં. એ નોંધો ઉપરથી જે જે કવિઓનાં પુસ્તકો છપાતાં તે તે પુસ્તકોમાં કવિચરિત તે પોતે લખતા. તેમાં નર્મદાશંકર અને દલપતરામ કવિના ઝઘડાનાં માસિકોનો ઉપયોગ કરતા. તેમાં હરગોવિંદદાસ કે છોટાલાલ માસ્તર સુધારો કરતા.

કાવ્ય એટલે કવિઓની વાણી. એ વાણીમાં બે પ્રકાર છે: (૧) ગદ્ય (૨) પદ્ય. બંનેમાં રસિકતા હોય, ને દેશકાળને અનુસરી શ્રોતાઓના હૃદયમાં શાન્તિ સ્થાપવામાં આવે તે અને જેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ યુક્ત વર્ણન હોય, તે, કાવ્ય શ્રેષ્ઠ કહેવાય છે.

પ્રાચીન કાળ એટલે આજથી પહેલાંનો વખત, તેમાં ચાર ભેદ પાડી શકાય:

(૧) બ્રહ્માથી લઈને વેદ વ્યાસ પર્યંત **વૈદિક કાળ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ઋષભદેવ-બુદ્ધથી આરંભી જે નિરીશ્વરવાદ-અદ્વૈતવાદ-વિશિષ્ટાદ્વૈતવાદ, દ્વૈતવાદ, દ્વૈતાદ્વૈતવાદ, શુદ્ધાદ્વૈતવાદ-વગેરે વાદોના ઝઘડાઓનો શ્રીમદ્‌વલ્લભાચાર્ય સુધીનો વખત તે **પૌરાણિક કાળ.** તે વખતે ધર્મોના ઝઘડા રાજા અને પ્રજામાં ખૂબ થયા હતા. એ વખતનાં બધાં કાવ્ય સંસ્કૃત વાણીમાં હતાં. તે બધાં સંસ્કૃત સાહિત્યના શોખીન માટે છે.

હિન્દ ઉપર પરદેશી મુસલમાનોએ સવારીઓ કરી, મંદિરો ને મૂર્તિઓ તોડી, ઘણા હિન્દુઓને વટલાવ્યા, દુઃખ દીધાં છતાં સનાતન હિન્દુ ધર્મ ટકી રહ્યો છે, એ પ્રતાપ પૌરાણિક કાળના મતવાદી સંસ્કૃત સાહિત્યનો જ છે.

(૩) આપણે જે પ્રાચીન કાવ્યની વાત કરીએ છીએ તે ઈ. સ. ના પંદરમા સૈકાથી અરાઢમા સૈકા સુધીનો છે. તેને **ગુજરાતનો મધ્ય પ્રાચીન કાળ** કહીએ તો ચાલે.

આ અરસામાં હિન્દી ભાષાનાં કાવ્યો પણ રચાયેલાં છે. તે હિન્દી સાક્ષરો માટે છે.

આ કાળમાં ગુજરાતમાં દિલ્હી બાદશાહોના સુલ્તાનો, સૂબા, નવાબોએ ધર્મઝનૂનમાં ગુજરાતને દુઃખ દેવામાં બાકી મૂક્યું નથી. અન્યોન્ય ધર્મના ઝઘડાઓ તો ચાલુ જ હતા. તેમાં વળી મુસલમાનો સામાં મરાઠા લુટારુ ધાડાંનું પણ દુઃખ હતું. મનુષ્યોને ઠરી ઠામ બેસવાનો વખત ન હતો. નાસરડાં પડતાં; ગામોનાં ગામો નાશ થતાં ત્યાં ઢોર ઢાંખર ને મિલ્કતની તથા ફળદ્રૂપ ગુર્જરદેશની ખેતીવાડીની સંભાળ લેવાય-જ શેની ? આખા ગુજરાતમાં શાન્તિ ન હતી.

શાન્તિ સિવાય મનુષ્ય જીવે જ નહિ. શાન્તિ સદ્ધર્મ પાળવાથી પ્રાપ્ત થાય. સદ્ધર્મ પરમાત્માનાં ચરિતોનાં વર્ણન સાંભળવાથી ટકી રહે. પરમાત્મા અને તેમના અવતારોનાં અમાનુષિક ચરિત સાંભળવાં તે શબ્દબ્રહ્મ. અને એ શબ્દબ્રહ્મ નાદબ્રહ્મ સાથે સાંભળવામાં આવે તો અતિ શાન્તિ થાય. નાદબ્રહ્મથી પશુઓનાં ચિત્ત સ્થિર થાય છે, તો મનુષ્યોનાં ચિત્ત સ્થિર થાય ને શાન્તિ પ્રાપ્ત થાય તેમાં શી નવાઈ?

પરમાત્માએ ગુજરાતમાં મનુષ્યોનાં દુઃખ જાણી વાજિંત્ર સાથે ગાઈ મનુષ્યોને સુખ આપવા કવિઓ ઉત્પન્ન કર્યા. એમણે દિવસમાં થાકેલા મનુષ્યોને રાત્રિના વખતમાં અથવા નવરાશના વખતમાં કે ચોમાસામાં વર્ષાઋતુમાં ભગવાનનાં ચરિતોની અનેક યુક્તિ પ્રયુક્તિ અને દૃષ્ટાંત સિદ્ધાંતોથી અથવા નાચ-વાજિંત્રોથી કોઈ પણ રસ્તે મનુષ્યોમાં સદ્ધર્મનું—સનાતન ધર્મનું સ્થાપન કરી, મનુષ્યોને શાન્તિ આપી. એ કવિઓના કાળને આ લેખમાં (૩ જો) મધ્ય પ્રાચીન કાળ ગણ્યો છે.

સત્તરમા સૈકામાં વડોદરામાં નામદાર ગાયકવાડ મહારાજાનું રાજ્ય સ્થપાયું. તેમના પ્રતાપથી અને પૂર્વે અમદાવાદમાં મુસલમાન સુલ્તાન અહમદશાહ ન્યાયી હતા તેથી દેશ આબાદ થયો. એ અરસામાં વડોદરા અને ગુજરાત કવિઓની ઉત્પત્તિનું સ્થાન ગણાયું.

અરાઢમા સૈકામાં અંગ્રેજોના પ્રતાપે ગુજરાતમાં વધુ શાન્તિ સ્થપાઈ. વડોદરા, પાટણ, ખંભાત, ડભોઈ, અમદાવાદ અને સૂરતમાં પ્રથમ કહેવા મુજબ કવિઓ ઉત્પન્ન થયા છે. અરાઢમો સૈકો ગુજરાતના મધ્ય પ્રાચીનકાળનો અંત ભાગ છે.

આ કાળમાં થયેલા કવિઓ ઘણા છે. નાથાશંકર શાસ્ત્રી પાસે જે હસ્તલિખિત કાવ્ય-ભંડાર હતો, તેમાંના કવિઓનાં નામ આ પ્રમાણે છે :

પંદરમો સૈકોઃ—નરસિંહ મહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોળમો સૈકોઃ મીરાંબાઇ, ભાલણ, ભીમ, કબીર, નાકર, હરિભટ્ટ, વિષ્ણુદાસ, હરિદાસ, શિવદાસ, શંકર, જોગીદાસ, સુંદર (ગુજરાતી), માધવદાસ વગેરે.

સત્તરમો સૈકોઃ—પ્રેમાનંદ, રત્નેશ્વર, શામળ, વીરજી, ઇશ્વર, તુલસીદાસ (હિન્દી), ચતુર્ભુજદાસ, સુરદાસ (હિન્દી), રામકૃષ્ણ, બિહારીદાસ, ચરણરજ, ત્રીકમદાસ, દેવીદાસ, સુરભટ્ટ, રામભક્ત વસરામ અને શિવદાસ વ. અને સ્વામિનારાયણ સંપ્રદાયના મુક્તાનંદ, પૂર્ણાનંદ, કૃષ્ણાનંદ, બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ, પ્રેમાનંદ આદિક ભક્ત કવિઓ.

અરાઢમો સૈકો—દયારામભાઈ, પ્રીતમદાસ, ગિરધર, નરભેરામ, ધીરો, ભોજો, નિરાંત, બાપુસાહેબ ગાયકવાડ, ભગવાનદાસ, રણછોડ, શોભણ, વલ્લભ ધોળો, રામસંગ, ગોપાળદાસ, આશારામ, જીવણ, દેવકૃષ્ણ કાળિદાસ (ગુજરાતી), મોકમ, હરિસંગ, ધરમગર, જીવરામ, વ. ગુજરાતી ભાષાના કવિઓ.

એ સિવાય શંકરાચાર્યનાં સંસ્કૃત સ્તોત્રો, જયદેવ, તુલસીદાસ, કમાલ, રામાનંદ વગેરેનાં હિન્દુસ્તાની પદોનો ચોપડો. એકંદર ૧૨૧, અમદાવાદી જાડા કાગળ ઉપર લખેલાં પુસ્તકો, તેમાં ૩૨૪ જુદાં જુદાં આખ્યાનો, ઉપર લખેલા લગભગ ૭૦ કવિઓનાં હતાં. એ ગ્રંથો આખ્યાનો કવિવાર જુદાં ન કરતાં આ સાથે **પરિશિષ્ટ ૧**–ની યાદી આપી છે તે જોવાથી જણાશે. એ યાદી નાથાશંકરની હયાતીમાં મારા હાથની લખેલી છે.

આ વખતે છાપખાનાં ન હતાં તેથી લોકો પરંપરાથી લખી લઈ પોતાની પાસે રાખતા, ને તેથી ઘણા બ્રાહ્મણો ગુજરાન કરતા તેમ જ જીવની પેઠે જાળવતા. જે સંસ્કૃત પુરાણો ઉપરથી કથા કરતા તે **પુરાણી** કહેવાતા અને પ્રાકૃત ગુજરાતી ઉપરથી કથા કરતા તે **ભટ્ટ** કહેવાતા. બ્રાહ્મણ સિવાય બીજા કવિઓ અને લહિયા હતા તે ગ્રંથો રચી, લખી બ્રાહ્મણોને દાનમાં આપતા હતા.

આ ગ્રંથો નાથાશંકર શાસ્ત્રી જ્યારે "વડોદરા વત્સલ"માં એડિટરનું કામ કરતા તે વખતે ભેગા કર્યા હતા. તે સિવાય જેમણે પુસ્તકો આપવાની ના પાડેલી ને કહેલું કે જોઈએ ત્યારે લઈ જજો, તેવાં પુસ્તકોની યાદી જુદી હતી, અને પ્રેમાનંદના ગુપ્તભંડારની યાદી જે દી. બા. મણિભાઇ સાહેબને વાંચી સંભળાવી હતી તે પુસ્તકો જુદાં હતાં. તેની હકીકત **પ્રાચીન કાવ્યમાળા**ના મથાળે લખીશ.

પરમાત્માએ આ કવિઓને પોતાના સ્વરૂપનું વર્ણન કરવાની બુદ્ધિ આપી ઉત્પન્ન કર્યા. તેમણે દેશ, કાળ, કુદરત અને જનરૂચિ મુજબ વર્ણન કરી પુસ્તકો રચ્યાં, પણ તે પુસ્તકોનો નાશ ન થાય, અટવાઇ ન જાય તેને માટે તેના રક્ષકો પણ ઓગણીસમા સૈકામાં ઉત્પન્ન કર્યા. એ **ચોથો ભેદ આર્વાચીન કાળ.**

આ કાળમાં અમદાવાદમાં કવિ દલપતરામ, સૂરતમાં નર્મદાશંકર અને નવલરામભાઇ, મુંબઈમાં ઇચ્છારામભાઇ અને વડોદરામાં હરગોવિંદદાસ અને નાથાશંકર શાસ્ત્રી એ આદિક બીજાઓ પણ હતા, તેમણે એ પુસ્તકોનો જીર્ણોદ્ધાર કર્યો–છપાવ્યાં. સૌથી વધારે કામ ઇચ્છારામભાઈ નુંઃ એમણે બૃહદ્ કાવ્યદોહન આઠ ગ્રંથમાં છપાવી પ્રાચીન કવિઓનાં કાવ્યોને જનસમુદાયના હાથ પર મૂકયાં તેમ જ હરગોવિંદદાસ અને નાથાશંકર શાસ્ત્રીએ પણ "ત્રિમાસિક–પ્રાચીન કાવ્ય" અને "પ્રાચીન કાવ્યમાળા"માં છપાવીને જનસમૂહના હાથ પર મૂકયાં છે.

નાથાશંકરે પણ સૌથી પ્રથમ ભાઈશંકર વ્યાસની મદદથી "વિનેચટ"ની વાર્તા પ્રકટ કરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિમાસિક–પ્રાચીન કાવ્ય

નાથાશંકર શાસ્ત્રીએ પોતા પાસેનાં હસ્તલિખિત પુસ્તકોમાંથી સૌથી પ્રથમ મહાકવિ પ્રેમાનંદકૃત 'રણયજ્ઞ' અને 'ચંદ્રહાસ આખ્યાન' ઘણી પ્રતો ઉપરથી વાંચી શોધન કરી લખી તૈયાર કર્યાં ને તે રા. બા. હરગોવિંદદાસને બતાવ્યાં. એમને જૂનાં પુસ્તક પ્રસિદ્ધ કરવાની ઇચ્છા તો હતી જ, તેથી તે ખુશ થયા. વધુમાં અઘરા શબ્દોનો કોશ લખવા સૂચવ્યું.

નાથાશંકરે કહ્યું કે આપના નામે જ છપાવી પ્રસિદ્ધ કરો, મારે નામે છાપવાથી ઝટ ગ્રાહકો નહિ થાય; મને યોગ્ય લાગે તે મહેનતાણું આપજો. રા. બા. કહે મારે કંઈ જોઈતું નથી. તમારી સાથે મારું નામ આપો. એમ કહી એક હેન્ડબિલ–પ્રસિદ્ધ પેપર લખી આપ્યું. તે છપાવી પ્રસિદ્ધ કરતાંજ લગભગ ત્રણસો ગ્રાહક થયા, છાપખાનાનું ખર્ચ નીકળી ગયું. આ પુસ્તકો છપાઈ બહાર પડ્યાં, તેમાં રા. બા. સાથે નાથાશંકરનું નામ વાંચતાં લોક આશ્ચર્ય પામ્યાં અને સાક્ષર વર્ગની દષ્ટિ નાથાશંકર ઉપર પડી.

એક દિવસ નાથાશંકરે પોતાની પાસેનાં હસ્તલિખિત પુસ્તકોનો ભંડોળ રા. બા. ને બતાવ્યો તેથી તે ઘણા ખુશ થયા. એમને તો એ જ જોઈતું હતું. તૈયાર વસ્તુ મળી, પછી કહે: છૂટક પુસ્તક છપાવ્યા કરતાં આપણે એક **'ત્રિમાસિક–પ્રાચીન કાવ્ય'** એ નામે છપાવી કાયમના ગ્રાહક કરીએ તો ઠીક. નાથાશંકરે કહ્યું કે નાનાં આખ્યાનો તો ત્રિમાસિકમાં છાપી શકાય, પણ અશ્વમેધ જેવાં મોટાં પુસ્તકો ત્રિમાસિકમાં ન લેવાય; વળી પ્રેમાનંદનો એક જગ્યાએ હસ્તલિખિત ગ્રંથોનો મોટો ભંડાર છે, તે પણ ત્રિમાસિકમાં લેવાય 'એવાં નાનાં પુસ્તક નથી, તે તો સ્વતંત્ર પુસ્તક તરીકે જ છપાવવાં પડે. રા. બા.રે કહ્યું કે મોટાં પુસ્તકોના કાયમ ગ્રાહક કરવા જોઇએ, એ બાબત હું વિચાર કરી તમને કહીશ.

પરિશિષ્ટ નં. ૧ની યાદી મારી પાસે સંવત્ ૧૯૪૪–૪૫ માં કરાવી તે વખતે ઉપરની હકીકત મને શાસ્ત્રીએ કહી હતી.

'ત્રિમાસિક–પ્રાચીન કાવ્ય'ની શરૂઆત સંવત્ ૧૯૪૧ માં થઈ ત્યાર પછી છ વરસ સુધી નિયમિત રીતે પુસ્તકો બહાર પડ્યાં. પછી નાથાશંકરનું ચિત્ત નાટક કંપનીમાં ચોટયું તેથી તે અનિયમિત થયું. સાતમું વરસ સંવત્ ૧૯૫૦માં, આઠમું સંવત્ ૧૯૫૧ માં અને નવમા વર્ષનો એક અંક સંવત્ ૧૯૫૧ આખરે બહાર પડ્યો હતો.

'ત્રિમાસિક'ના બધા મળીને ૩૩ અંકો ને પ્રથમના બે મળી પાંત્રીસ અંકો બહાર પડ્યા છે. જુદા જુદા પ્રકારનાં ઘણાં રસિક અને ધર્મભક્તિ ઉપર સદ્‌ભાવના કરાવનાર ૬૫ આખ્યાનો ને નાનાં કાવ્યો તેમાં છે, ને સારા સારા પ્રસિદ્ધિમાં આવેલા ૨૧ કવિઓનાં તે રચેલાં છે.

બૃહદ્ કાવ્યદોહનમાં એ બધાંય કાવ્યો, આખ્યાનો, 'ત્રિમાસિક' ઉપરથી જ ઇચ્છારામ ભાઇએ છપાવ્યાં છે. એ બધી હકીકત **પરિશિષ્ટ નં. ૨** વાંચવાથી સમજાશે, તેમ જ તેમાંની વિશેષ હકીકત વાંચવાથી વાચકવૃંદને વધુ જાણવાનું મળશે.

નાથાશંકરના હસ્તલિખિત ભંડારની યાદીમાં જે પુસ્તકો નથી તે તથા જેને માટે સાક્ષરો શંકાભરી દૃષ્ટિએ જુએ છે તેવાં પુસ્તકો:

વર્ષ—૧/૧ **હારમાળા**—કોની ? નરસિંહની કે પ્રેમાનંદની ?

" ૧/૪ **લક્ષ્મણાહરણ**—આ કાવ્યમાં પ્રેમાનંદની ભાષા નથી એમ ઘણાં કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

„ ૩/૪ **સુરતસંગ્રામ**—નરસિંહ મહેતાનું તો નહિ જ; પ્રેમાનંદની પણ ભાષા નથી.
„ ૪/૩ **ઋષ્યશૃંગાખ્યાન**—ન. ભો. વગેરે પ્રેમાનંદની ભાષા નથી એમ કહે છે.
„ ૬/૪ **હસ્તામલક ને ચાતુરીઓ**—કવિની માહિતી નથી; ભાષા પણ આધુનિક છે.
„ ૭/૨ **નવરસ**—નારાયણદાસ કવિ કોણ? કોઇ પણ કવિએ નવરસ આવી રીતે લખ્યા નથી, એમ છોટાલાલ કહે છે.
„ ૮/૨ **શિવગીતા**—અનુભવાનંદ, પણ તે નક્કી નથી. પદ્મ પુરાણમાંથી ભાષાંતર છે; ભાષા આધુનિક છે.

આ સાત કાવ્યો માટે કેટલાક સાક્ષરો શંકાની દૃષ્ટિએ જુએ છે કે તે પ્રાચીન કે મધ્યકાળના કવિઓનાં નથી. (જો કે હસ્તામલક, ચાતુરીઓ, શિવગીતાની હા. પ્ર. હવે મળે છે.)

રા. બા. હરગોવિંદદાસના પ્રતાપથી અને એમના સંસર્ગથી જ શાસ્ત્રી સાક્ષર વર્ગમાં ગણાવા લાગ્યા. એમના પ્રતાપે જ 'કેળવણી' માસિક, છાપખાનું અને 'પ્રાચીનકાવ્યમાળા'ની શરૂઆત થઇ. શાસ્ત્રીના ભાગ્યોદયનું મૂળ કારણ રા. બા. જ હતા, એ નિ:સંશય છે.

'ત્રિમાસિક' 'પ્રાચીનકાવ્ય'નું હિસાબી કામ સંવત્ ૧૯૪૬થી શાસ્ત્રીએ રા. બા. ના કહેવાથી મને સોંપ્યું હતું.

શાસ્ત્રીના અવસાન પછી 'ત્રિમાસિક' બંધ થયું હતું.

પ્રવૃત્તિ ૨

સંવત્ ૧૯૪૫ની સાલમાં 'કેળવણી' માસિકની શરૂઆત થઇ. આ પણ રા. બા. ના પ્રતાપથીં જ થઇ હતી. ગાયકવાડ સરકારના કેળવણી ખાતાના સરક્યુલરો અને બીજી હકીકત પ્રથમ 'સ્વદેશ વત્સલ' માસિકમાં છપાવવામાં આવતી. તે અનિયમિતપણે પ્રકટ થતું હોવાથી કેળવણી ખાતાને અગવડ પડતી, તેથી નિયમિતપણે કામ કરવાની શરતે એ કામ નાથાશંકરને સોંપાયું.

નાથાશંકરે સંવત્ ૧૯૪૫ના કાર્તિક માસથી 'કેળવણી' માસિક શરૂ કર્યું. ત્યારથી કેળવણી ખાતાના સરક્યુલરો અને બીજી હકીકત એમાં છપાવા લાગી. રાજ્યની દરેક સ્કૂલમાં કેળવણી ખાતા તરફથી એ માસિક આપવામાં આવતું. તેની કીમત દર વરસે રૂ. ૧–૧૨–૦ હતી. હલકા પગારના મહેતાજીઓ અને સ્કોલરોને દર વરસે રૂ. ૦–૮–૦ પ્રમાણે આપવામાં આવતું. તે સંવત્ ૧૯૪૫થી સંવત્ ૧૯૪૯ સુધી અમદાવાદ–આર્યોદય પ્રેસમાં છપાતું હતું. પછી સંવત્ ૧૯૫૦થી વડોદરા 'વીરક્ષેત્ર મુદ્રાલય'માં છપાતું હતું. 'કેળવણી' માસિકમાં ઘણા સારા સારા વિદ્વાન સાક્ષરો રા. બા. હરગોવિંદદાસ, હરિલાલ ધ્રુવ, કેશવલાલ ધ્રુવ અને છોટાલાલ ભટ્ટ માસ્તર વગેરે પોતાના લેખો લખતા. દરેક માસિકનો અગ્રલેખ ખાસ મનન કરવા જેવો લખાતો. શાસ્ત્રીના અવસાન પછી એકાદ વર્ષ જટાશંકર રવિશંકર પંડિતે ચલાવ્યું હતું અને ત્યાર પછી છોટાલાલ ન. ભટ્ટે ચલાવ્યું હતું, તે સરકારી છાપખાનું નીકળ્યા પછી સરકારી આજ્ઞાપત્રિકા શરૂ કરી ને કેળવણી ખાતાના સરક્યુલર તેમાં છપાવા લાગ્યા ત્યાંસુધી ચાલુ રહ્યું હતું. પછી એ માસિક બંધ પડયું.

પ્રવૃત્તિ ૩

વીરક્ષેત્ર મુદ્રાલય-છાપખાનાની સ્થાપના

પ્રથમ કહેવા મુજબ વડોદરામાં 'વડોદરા વત્સલ' એ એક જ છાપખાનું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં નાથાશંકર નોકર હતા. છાપાખાનાવાળા છપાઈ બદલ મોં માગ્યાં નાણાં લેતા અને સારું કમાતા. શાસ્ત્રીને પોતાનાં પુસ્તકો છાપવાનાં હતાં તેથી પોતાનું એક સ્વતંત્ર છાપખાનું સ્થાપવાની ઇચ્છા થઇ. પોતાના અંગત મનુષ્યો પાસેથી છસો છસોના તેર શેર લીધા. પ્રથમ તો વીશ શેરો લેવાની ઇચ્છા હતી, પણ તેટલા ન ભરાયા.

'વડોદરા વત્સલ'ના પ્રિન્ટર કમળાજી ગવરાજી બાબાને વધુ પગાર આપવાની શરતે સહાયમાં લીધા. તેમની સાથે મુંબઇ જઇ છાપખાના માટે જોઇતાં સાધન ખરીદ્યાં. વડોદરામાં ચીકાંટા ટાવરની સામે પીરોજશાહ પારસીનું મકાન ભાડે રાખી 'વીરક્ષેત્ર મુદ્રાલય' એ નામે છાપખાનું શરૂ કર્યું. શરૂઆતમાં ગુજરાતી, મરાઠી અને અંગ્રેજીના સારા કંપોઝિટરો "વત્સલ"માંના તથા બહારથી કામ કરનાર રાખ્યા, તેમ જ પ્રેસમેન ખાતામાં બાઇન્ડિંગ ખાતાના મનુષ્યોને પણ રાખી છાપખાનું ગોઠવાઈ રહ્યે કામ શરૂ કર્યું.

શાસ્ત્રીએ આ વખતે પોતાના બાળસ્નેહી મિત્રોને વિસાર્યા નહતા. દરેક ખાતામાં તે તે ખાતાના હેડના હાથ નીચે પોતાની સાથે રમનાર રંગમહાલના તથા તેની આસપાસના જ મિત્રોને પ્રથમ કામ શીખવા રાખી લીધા. એમ સંવત્ ૧૯૪૪–૪૫ માં છાપખાનાની શરૂઆત કરી, પણ 'વડોદરા વત્સલ'વાળાની ખટપટથી અથવા કોઈ બીજા કારણથી છાપખાનું ચલાવવાની પરવાનગી ન મળી. પરવાનગી મળ્યા સિવાય છાપખાનું ચલાવશો નહિ, એમ કહી પોલીસખાતા તરફથી દબાણ થવા લાગ્યું, ને પ્રેસ ન ચલાવવું એવી નોટિસ આપી.

રા. બા. હરગોવિંદદાસની મારફતે એક ન્યાયાધીશની સલાહ લેતાં તેમણે કહ્યું કે 'હાલ મહારાજા સાહેબ નીલગિરિ છે. ત્યાં જઈ પરવાનગી લઈ આવો; ત્યાંસુધી પ્રેસના મકાનમાં બારણાં બંધ કરી અંદર રહી કામ કરો. છપાવીને પબ્લિકમાં મૂકો ત્યારે જ ગુનો ગણાય.' શાસ્ત્રીએ તેમ કર્યું.

આ વખતે મર્હુમ દી. સા. મણિભાઈ સાહેબ નાયબદીવાનની પદવીએ હતા. તે નીલગિરિ જવાના હતા તેમની સાથે જવાને શાસ્ત્રીએ નક્કી કર્યું.

એક સાહસ

નીલગિરિ જવાના આગલે દિવસે શાસ્ત્રીનાં પત્નીને કોલેરા લાગુ પડ્યો. સગાંએ અને વૈદ્યોએ તેમના જીવવાની આશા છોડી હતી છતાં 'ઇશ્વરેચ્છા' એમ કહી નીલગિરિ ગયા. નીલગિરિ જતાં ટ્રેનમાં મણિભાઇ સાહેબને પ્રાચીન કવિઓનાં કાવ્યો સંબંધી ઘણી વાત કરી. 'ત્રિમાસિક–પ્રાચીન કાવ્ય'નાં છપાઈ બહાર પડેલાં પુસ્તકો એમને વાંચવા આપ્યાં. મણિભાઈ સાહેબે, પ્રાચીન હસ્તલિખિત પુસ્તકો જોવા હું તમારે ત્યાં આવીશ, એમ કહ્યું.

નીલગિરિમાં મહારાજા સાહેબને મળતાં, છાપખાનું શરૂ કરવાની પરવાનગી માગવાની અરજી નીચે તરત જ હુકમ લખાવી આપ્યો. એમ છાપખાનાની શરૂઆત થઈ.

આ જ હેડિંગમાં છાપખાનાની બધી વાત પૂરી કરું છું તે અસ્થાને નહિ ગણાય.

ચાર પાંચ માસમાં પોતાના દરેક મિત્રને જે જે ખાતાનું કામ સોંપ્યું હતું તેમાં હોશિયાર થયા, તેમને તેમની લાયકાત મુજબ પગાર આપવાનો ઠરાવી દરેક ખાતામાં પોતાના મિત્રોને જ હેડ બનાવ્યા. બાઈન્ડિંગ ખાતામાં તેઓના પુત્રોને તથા બીજા નિશાળમાં ભણતા છોકરાઓને પુસ્તકોનું જુથ બાંધવાનું, પુસ્તકો શીવવાનું કામ નિશાળની રજાઓના વખતમાં બોલાવી શિખવાડ્યું હતું. તે સાંજ સવાર રજાના વખતમાં આવી પુસ્તકો શીવી આપતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના ઠરાવેલા દર મુજબ તેમને મહેનતાણું આપતા. એમ પોતાના મિત્રોના બાળકોને પણ ઉદ્યોગે લગાડ્યા હતા, એટલું જ નહિ પણ બાઇન્ડિંગ ખાતાના હેડ પોતાના મિત્ર રંગ-મહાલમાં રહેનાર ત્રિભોવનની મારફતે પોતાની પોળના નોકરોની સ્ત્રીઓને પોતાના ઘર આગળ પોતાની સ્ત્રીની દેખરેખ નીચે પુસ્તકો શીવવાનું કામ શિખવાડ્યું હતું; તેથી જ્યારે જ્યારે છાપખાનામાં પુસ્તકો શીવવાનું કામ વધી પડતું ત્યારે તેઓને ઘેર પુસ્તકોના છૂટા ફરમાનાં પુસ્તકો મોકલી તેમની પાસે બંધાવતા ને તેમને મહેનતાણું આપતા. એ કામ એ સ્ત્રીઓ હોંશે હોંશે કરતી.

કોઈ કોઈ વખત છાપખાનામાં કામ ન હોય, નોકરો જૂજ કામમાં આમતેમ ફરતા હોય, ત્યારે દરેક નોકરના કામની ડાયરી તપાસી નોકરોને ભેગા કરી લાયકાત મુજબ પ્રોમોશન આપવાનું કામ કરતા હતા. તે વખતે પ્રિન્ટર કમળાજીએ કહ્યું હતું તે એક વાક્ય યાદ આવે છે. “ આઈ માઝા પોળી વર તૂપ વાઢ ” વગેરે મરાઠી ભાષામાં ઠપકો આપતાં કહેતા કે ‘ છાપખાનામાં કંઈ કામ નથી તે વખત તમો પ્રોમોશન આપો છો ?’ તેના ઉત્તરમાં શાસ્ત્રી કહેતા કે ‘ આ નિમિત્તે દરેકના કામની ડાયરી તપાસાય છે. અને નોકરો કામ વગર ઉદાસ રહે ને બહાર જઈ વાતો કરે તો છાપખાનાની ખોટી વાત થાય, માટે તેમ કરવાની જરૂર છે. ’ એમ યુક્તિથી કામ કરતા. આ પ્રસંગે હું છાપાખાનામાં કેશિયર—નામું લખનાર તરીકે કામ કરતો હતો. દરેક નોકરે દરરોજ કેટલું કામ કર્યું તેની પગારના પ્રમાણમાં ડાયરી રખાતી હતી, અને દરરોજ કેટલું કામ થયું તેનો છાપ-ખાનાના હિસાબે રોજનો કેટલો નફો કે ખોટ છે તેનો રિપોર્ટ શાસ્ત્રીને અપાતો.

દરેક નોકરના આઠ કલાક કામનો એક દિવસ ગણતો. દરેક નોકર છાપખાનામાં આવે તે વખતે ડાયરીમાં ટાઈમ નોંધી સહી કરે, ને જાય ત્યારે પણ સહી કરીને જાય; તે ઉપરથી આખા માસના કલાક ગણી ઠરાવેલા માસિક પગાર મુજબ તેમને પગાર આપવામાં આવતો. જ્યારે છાપખાનામાં વધુ કામ હોય ત્યારે રાતપાળીથી કામ કરવામાં આવતું. રાતપાળીનો પગાર સવાયો ગણવામાં આવતો. વધુ કામ હોય ત્યારે નોકરોને ઠરાવેલા પગાર કરતાં દોઢો બમણો પગાર મળતો. રાતપાળી વખતે શાસ્ત્રીજી હાજર રહેતા. રાત્રે પાંચ કલાકથી વધુ કામ કરાવતા નહિ. બાર વાગ્યે કામ કરવાનું બંધ કરાવતા. તે વખતે અડધા કલાકની રજામાં દરેક નોકરને ચાહ પાતા અને નાસ્તો પણ આપતા. એ પણ એમની એક યુક્તિ હતી કે જેથી નોકરો થોડા વખતમાં ઘણું કામ કરતા.

શાસ્ત્રી રા. બા. હરગોવિંદદાસ અને દી. સા. મણિભાઇ સાહેબનું મુખનું પાન હતા. દી. સા.ના તે **ચાર** કહીએ તો ચાલે. તેથી દરેક ઑફિસમાં દરેક ઑફિસર માન-ભરી નજરે જોતા અને પોતાની ઑફિસનું છાપવાનું કામ એમને આપતા. ઑફિસર મંડળમાં દામુભાઈ, છગનલાલ મોદી, જોગલેકર સાહેબ અને ગોવિંદભાઈ હાથીભાઈ એમનું મિત્રમંડળ હતું. તેમની સાથે ઘણો વિનોદ કરતા. છાપખાનામાં કેળવણી માસિક, ત્રિમાસિક–પ્રાચીન કાવ્ય, પ્રાચીન કાવ્યમાળાનાં પુસ્તકો છાપવાનું કામ તો પોતાનું જ હતું. એ વખતે સરકારી ઑફિસરો ઑફિસનાં કામ છાપવા ટેન્ડરો માગતા. જ્યારે એવાં ટેન્ડર મગાતાં ત્યારે ઓછામાં ઓછા પડતર ભાવે શાસ્ત્રી ટેન્ડરો ભરી આપતા, જેથી દરેક ઑફિસનું કામ ‘ વીરક્ષેત્ર ’ ને મળતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંવત્ ૧૯૪૬ની અધવચ સુધી છાપખાનાનું નામું અંબાશંકર વૈદ્ય લખતા તે અવ્યવસ્થિત હતું તેથી રા. બા. ના કહેવાથી શાસ્ત્રીએ નામાનું કામ મને સોંપ્યું હતું. સંવત્ ૧૯૪૭ની આખરે છાપખાનાનું સરવાયું થયું. એ સરવાયામાં મશીનો વગેરેનો બધો ખર્ચ બાદ કરતાં અને નફાના સેંકડે ચાર ટકા અનામત ફંડ ખાતે રાખતાં દરેક શેર હોલ્ડરને નવસો નવસો રૂપિયા નફાના વહેંચી આપ્યા હતા. છસોના ભાગીદારને નવસો રૂપિયા નફાના મળ્યા, એથી શાસ્ત્રીની સુકીર્તિ આખા વડોદરામાં પ્રસરી હતી.

છાપખાનામાં બધા નોકરો વાડીના હતા ને પોતાના બાળસ્નેહી મિત્રો હતા, તેથી છાપખાનામાંથી ઘેર જતાં બધા સાથે જ હોય. આજવાનું તળાવ જોવા જતાં, ચાણોદની યાત્રા કરવા ગયા ત્યારે, બધા નોકરો સાથે જ હતા. પોતાના પુત્રના ઉપનયન સંસ્કાર વખતે અને પુત્રીના કન્યાદાન વખતે છાપખાનામાં ૮૦ માણસ કામ કરતું હતું. એક વખત છાપવાનું મશીન લેવા મુંબઇ ગયા ત્યારે છાપખાનામાં કામ કરતા ભાગીદારો બધાને સાથે લઇ ગયા હતા. હું પણ સાથે હતો. મુંબઇનો વિનોદ અવર્ણનીય હતો. આ વખતે છાપખાનાનો અને શાસ્ત્રીની કીર્તિનો સૂર્ય બાર વાગ્યાનો તપતો હતો.

મણિભાઇ સા. ને દીવાન–પદ મળ્યું, તે વખતે છાપખાના પાસે ટાવર સામે સુંદર મંડપ બાંધ્યો હતો. સરકારવાડામાંથી દીવાનપદ લઈ પોતાના બંગલે જતાં તેમનો હાથી ઊભો રખાવી, બેસાડી, તેમને સોનારૂપાનાં ફૂલથી વધાવી, હારતોરા કરી, સુંદર કારીગરી. વાળી ચંદનની પેટીમાં આશીર્વાદાત્મક ચાર રંગથી છાપેલું માનપત્ર મૂકી, એ પેટી તેમને ભેટ કરી હતી. એ પુસ્તક રૂપે છાપેલી ચોપડીમાં પ્રથમ શ્લોક હતો, તે આ વખતે મને યાદ આવે છેઃ—

> नरपतिहितकर्त्ता द्वेषतां याति लोके
> जनपदहितकर्त्ता त्यज्यते पार्थिवेषु ।
> इति महति विरोधे विद्यमाने समाने
> उभयपदजनानां दुर्लभः कार्यकर्त्ता ॥

એ શ્લોક નીચે આશીર્વાદ અને મહાભારતમાંના પ્રધાનના સદ્‌ગુણોના વર્ણનના શ્લોકો છાપેલા હતા. એ વખતે ત્યાં જોવા આવેલા સર્વને સાકર વહેંચી હતી.

સંવત્ ૧૯૪૮ની આખર સુધીમાં છાપખાનાનો સૂર્ય પૂર્ણ કળાએ તપતો હતો. તેના સવાબાર અને સાડાબાર વાગ્યા હતા. સંવત્ ૧૯૪૮ની સાલમાં શાસ્ત્રીને એક પિશાચિની—નાટક કંપની વળગી, તેથી, અને છાપખાનાના બે હેડ જે ભાગીદાર હતા એમણે જુદા પડી **'લક્ષ્મી વિલાસ'** છાપખાનું જુદું સ્થાપ્યું, ત્યારથી છાપખાનાનો પોણો વાગ્યો કહીએ તો ચાલે. એ એના શેર ઇશ્વરભાઈ ત્રીકમભાઈ વકીલ અને માણેક-લાલ છગનલાલ વકીલને પંદરસો રૂપિયે વેચી તેમને ભાગીદાર કર્યા હતા.

આ વખતે શાસ્ત્રી ઘણો ભાગ નાટક કંપનીમાં રહેતા. ત્યાં રહી "પ્રાચીન કાવ્ય-માળા"માં છાપવાનાં પુસ્તક લખી મોકલતા. પણ એમની ગેરહાજરીથી છાપખાનાની દુર્દશા થઈ કહીએ તો ચાલે. હજુ પણ છાપખાનાની કમાઇ ઘણી સારી હતી, પણ શાસ્ત્રી પેલી પિશાચિનીનું ભક્ષ્ય પૂરું કરવા છાપખાનામાંથી ઘણાં નાણાં ત્યાં લઇ જતા, તેથી પણ છાપખાનાની દુર્દશા થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રીના અવસાન પછી ઈશ્વરભાઈ ત્રીકમભાઇ વકીલ છાપખાનાના મેનેજરનું કામ કરતા. તેમણે છાપખાનું—શ્રી. વિઠ્ઠલદાસ ઠક્કરને વેચી દીધું ને મૂળ ભાગીદારોને ભાગે પડતાં નાણાં વહેંચી આપ્યાં. એમ છાપખાનાની ઇતિ થઇ.

પ્રવૃત્તિ ૪

પ્રાચીન કાવ્યમાળા

આ નાથાશંકર શાસ્ત્રીની અખંડ કીર્તિની ચોથી પ્રવૃત્તિ છે. પ્રિય સજ્જન! આ બાબતમાં મારે શું લખવું તેમાં મારું મન ચગડોળે ચઢી ગોથાં ખાય છે. ભલભલા સાક્ષર વિદ્વાનો જેનો નિર્ણય કરી શક્યા નથી, તે બાબતમાં હું કઈ ગણત્રીમાં ? એ વિચારનો અંત નથી આવતો. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે संशयात्मा विनश्यति । મારો આ બાબતનો સંશય, મારા જીવાત્મામાં બિરાજેલા એ જ શ્રી કૃષ્ણનારાયણ ટાળે તો જ ટળે.

નીતિમાં કહે છે કે न ब्रूयात् सत्यमप्रियम् । તેમ જ શિક્ષાપત્રીમાં કહે છે કે स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् । આ લેખથી કોઇને સારું લાગશે અને કોઇને ખોટું પણ લાગશે જ, એવો સંશય રહે છે. વળી આપ મને કહો છો કે "તમારી ઉત્તર વય થઇ છે, એમની મંડળીના તમો એક જ છો; હવે આ બાબત જે સત્ય હોય તે જણાવો" એમ કહી પ્રતિજ્ઞા આપો છો. તેના ઉત્તરમાં ખરું સત્ય જડતું નથી. ઘણી વખત એમ પણ બને છે કે નજરે જોયેલી અને કાને સાંભળેલી વાત જુદી પડે છે. તેમ પણ થાય, છતાં મારું મન જે નિર્ણય પર આવ્યું છે તે લખવા યત્ન કરીશ.

શાસ્ત્રી નાથાશંકર સાથે મારો સંબંધ અને પરિચય

આ હકીકત વાચકવૃંદને ખાત્રી થવા સારું લખું છું. તે મારી આત્મશ્લાઘા નથી જ, તેમ અસ્થાને પણ નથી. મારું ગામ માતર,* પણ ચકલાશીમાં શુકલવૃત્તિ માટે રહીએ છીએ. ત્યાંથી મારાં માતાપિતા અને સ્ત્રી ગુજરી ગયાં, ત્યારે ઉદાસ થઈ વધુ અભ્યાસ કરવા માટે વડોદરા આવ્યો. વડોદરામાં મારા પિતરાઈ ભાઈ ઉત્તરસંડાવાળા હરજીવન શાસ્ત્રી સરકારી પાઠશાળામાં વેદ અને વ્યાકરણનો અભ્યાસ કરતા હતા, તેમને ત્યાં રાજગુરુની પોળમાં રહ્યો. એક માસ સુધી માધુકરી માગી ચલાવ્યું. એમની સાથે હું સરકારી પાઠશાળાના અધ્યાપક રામકૃષ્ણ શાસ્ત્રી પાસે ગયો ને કૌમુદી ભણાવવાની વિનંતી કરી. તેમણે મને કેટલીક વાત પૂછી સલાહ આપી કે તમો હવે કોઈ નોકરી કરો તો સુખી થશો. પછી હું આ રાજ્યનો રહીશ થઈ સર્ટિફિકેટ લેવા માટે રાવપુરા—પહેલા નંબરની સ્કૂલમાં બીજા વર્ષનો અભ્યાસ કરવા દાખલ થયો. ચકલાશીમાં અંગ્રેજી રાજ્યમાં હું સેકન્ડ કલાસ સર્ટિફિકેટ પરીક્ષામાં પાસ થઈ મહેતાજીની નોકરી કરતો હતો. અહીં પહેલા નંબરની સ્કૂલમાં જગમાલની પોળવાળા ગૌરીશંકર પ્રભાશંકર હેડ માસ્તર હતા, તેમણે મારા કામથી પ્રસન્ન થઈ માધુકરી માગતાં છોડાવી પોતાના મોટા પુત્ર ગંગાધરને ભણાવવાને પોતાને ત્યાં રાખ્યો. દોઢ વરસ એમને ત્યાં રહ્યો. એમને હું મારા પિતા અને ગુરુ માનતો. એમના પ્રતાપથી જ મારી ઉન્નતિ થઈ છે. જે કંઈ સદ્‌ગુણો હોય તો તે એમના જ આપેલા છે. આ જ અરસામાં 'ત્રિમાસિક—પ્રાચીન કાવ્ય,' છાપખાનું અને 'પ્રાચીન કાવ્યમાળા'ની શરૂઆત થઈ હતી.

નાથાશંકરના મામા તે હરજીવન શાસ્ત્રીના ફૂવા થાય, તેથી નાથાશંકર સાથે મારે

---

* મારો જન્મ સં. ૧૯૨૨, ફાગણ વદિ ૮ રવિવાર. હાલ ઉમર વર્ષ ૭૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેવાઈ—વજોટનો સંબંધ અને છોટાલાલ માસ્તરનાં બહેનનું લગ્ન મારા કાકાના દીકરા સાથે થયેલું તેથી તે પણ વેવાઈ થાય.

હરજીવન શાસ્ત્રી નાથાશંકરને ત્યાં જતા આવતા હતા, તેમની સાથે હું શાસ્ત્રીને ત્યાં ગયો. અને કંઈ નોકરીની ગોઠવણ કરી આપવા કહ્યું, ત્યારે કહ્યું કે યોગ આવ્યે જોઈશ; પણ હાલ મારા પુત્રને ટ્યૂશન આપવા આવો; દર માસે તમને પાંચ રૂપિયા આપીશ. મેં કહ્યું: સગા સગામાં ટ્યૂશન ન લેવાય; હું એમ ને એમ ભણાવવા આવીશ. ત્યારે કહે કે હું 'મુંબઈ સમાચાર'ના રિપોર્ટરનું કામ કરું છું તે કામ તમે કરજો; તેના પાંચ રૂપિયા દર માસે મળે છે તે તમે લેજો, એટલે તે સગાના નહિ ગણાય. એમ કહી તે લખવાની રીત બતાવી. ત્યારથી હું એમના પુત્રને ભણાવવા જતો. બે ચાર દિવસ પછી એમના પુત્ર ચંદુને ભણાવતાં મને કહ્યું કે તમારા ગામમાં હસ્તલિખિત પુસ્તકો કોઈ પાસે છે? મેં કહ્યું કે મારા ઘરમાં ચાર છે ને ગામમાં પણ કેટલાક પાસે છે. ત્યારે તેમણે કહ્યું કે આજે જ તમો ચકલાશી જાઓ ને જેટલાં મળે તેટલાં લઇ આવો; કામ પત્યે આપણે તેમને પાછાં આપીશું; જેટલાં મળે તેટલાં લાવો. એમ કહી પાંચ રૂપિયા મને ખર્ચ માટે આપ્યા. તે જ દિવસે હું ચકલાશી ગયો. ત્રીજે દિવસે દસ પુસ્તકો લઈ હું પાછો આવ્યો, તે એમને આપ્યાં. પછી એમણે કહ્યું કે કાલથી તમો અહીં જમજો અને આ બધાં જૂનાં પુસ્તકો પડ્યાં છે, તે તપાસી દરેક પુસ્તકમાં કોનાં કોનાં કયાં કયાં આખ્યાનોનાં કાવ્ય છે, તે નામ લખી એ કાગળ બહાર દેખાય તેમ આ જગ્યાએ ગોઠવો, કારણ કે બે ચાર દિવસમાં મણિભાઈ સાહેબ આ પુસ્તકો જોવા આવનાર છે. તેથી મેં બે દિવસમાં એ પુસ્તકોની હકીકત સાથે દરેક પુસ્તકમાં કાપલીઓ મૂકી એમના કહેવા મુજબ ગોઠવી દીધાં.

ચારેક દિવસ પછી મણિભાઈ સાહેબ પુસ્તકો જોવા આવ્યા. તેમની સાથે રા. બા. હરગોવિંદદાસ અને એક બીજા ઓફિસર હતા. તેમને તે પુસ્તકો બતાવવાની મદદમાં હરજીવન શાસ્ત્રી અને હું બન્ને હતા. ઓડિટ કરે તેમ કેટલાંક પુસ્તક તપાસ્યાં; દફતરો છોડાવી જોયાં. આ પુસ્તકો જોઈ, એઓ સાહેબ ખુશ થયા. તે વખતે નાથાશંકરે કહ્યું કે એક જગ્યાએ પ્રેમાનંદનાં તથા તેમના પુત્ર વલ્લભનાં પુસ્તકોનો મોટો ભંડાર છે; તેમને ઘણું વીનવ્યા છતાં તે આપને બતાવવાને પણ આપતા નથી તેમ મને પણ જોવા દીધાં નહિ; તેમણે કરેલી યાદી ઉપરથી આ યાદી લખી આણી છે. એમ કહી તેનાં નામ વાંચી સંભળાવ્યાં. એ નામ સાંભળતાં જ મણિભાઈ સાહેબ ચકિત થયા ને બોલ્યા: મોં માગ્યાં નાણાં આપતાં પણ ન આપે? નાથાશંકરે કહ્યું કે મેં ઘણી લાલચો આપી પણ ના જ પાડી; બહુ રીતે સમજાવતાં કહે: તમો મારે ઘેર બેસી ઉતારી જાઓ તો લખવા દઇશ. દી. સા. કહે: એમ પણ કરવા દેશેને? તો કહે: હા. દી. સાહેબે પાછા જતાં જતાં કહ્યું: 'દેવાલયોના જીર્ણોદ્ધાર કરાવવામાં મહત્ પુણ્ય છે, તેમ જ આવા અપ્રસિદ્ધ ગ્રંથો પ્રસિદ્ધિમાં લાવવા, એ જીર્ણોદ્ધાર કરાવવા જેવું છે; આ ગ્રંથો છપાવી પ્રસિદ્ધ કરવા હું બધું કરીશ.' એમ કહી ગયા.

આ પ્રસંગ સંવત્ ૧૯૪૪ ની આખરનો હતો. એ જ દિવસથી "**પ્રાચીન કાવ્ય-માળા**"ની સ્થાપના થઈ, એમ કહીએ તો ચાલે.

નાથાશંકરના ઘરમાં જે હસ્તિલિખિત પુસ્તકો હતાં તેની યાદી તેમાં મૂકેલી કાપલીઓ પરથી વરસેક દિવસ પછી કરેલી છે, તે **પરિશિષ્ટ નં. ૧** માં આપી છે. તેમાં કુલ ૧૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તકો છે. જે પુસ્તકમાં એકથી વધુ કવિઓનાં કાવ્ય છે તે બધાં મળી ૩૨૪ ની સંખ્યા થાય છે. જેનાં પુસ્તક આણેલાં હતાં તેમાં જે પાછાં લેવા માટે આવ્યા કરતા હતા, તેમને યાદી કરી પાછાં આપ્યાં હતાં. નાથાશંકરના અવસાન પછી જે પુસ્તકો એમના ઘરમાં હતાં તે ઘનશ્યામભાઈ લઈ ગયા છે એમ એમનાં વિધવા પત્ની કહે છે.

આ પછી દી. સાહેબે મહારાજા સાહેબને વીનવી ગાયકવાડી રાજ્યના કવિઓનાં જૂનાં પુસ્તકો છપાવી પ્રસિદ્ધ કરવા માટે બાર હજાર રૂપિયાની રકમ મંજૂર કરાવી એક કમિટી નીમી. રા. સા. હરગોવિંદદાસની દેખરેખ નીચે **પ્રાચીન કાવ્યમાળાનું** કામ શરૂ કર્યું. તેમાં મૂળ ગ્રંથો ઉપરથી લખનાર નાથાશંકરને પચાસ રૂપિયાના પગારથી અને એ ગ્રંથોની ટીકા કરનાર તરીકે શાસ્ત્રજ્ઞ કવિ છોટાલાલ ભટ્ટ માસ્તરને પિસતાલીસના પગારથી અને ઘનશ્યામને, શાસ્ત્રીએ ઉતારેલા ગ્રંથોના કાગળ ઉપરથી ટીકા લખવા માટે નીચે જગ્યા રહે તેવી રીતે કૉપીઓ કરી આપવા વીસના પગારથી, અને ગિરધરભાઇ પટેલને હિસાબ રાખનાર કારકૂન તરીકે બાર રૂપિયાના પગારથી નીમી ઑફિસ સ્થાપી, "પ્રાચીન કાવ્યમાળા"નું કામ શરૂ કર્યું.

પ્રથમ કલાભવનમાં એક રૂમમાં એ ઑફિસ બેસતી. આ રૂમમાંથી જ શાસ્ત્રીની સાથે મારે ગાઢ પ્રીતિ બંધાઈ.

શાસ્ત્રીએ મને 'ત્રિમાસિક–પ્રાચીન કાવ્ય'ના ગ્રાહકોનું લિસ્ટ અને તેઓ પાસે લવાજમની બાકી નક્કી કરવાનું કામ સોંપ્યું હતું. તે પહેલાં એ કામ ગિરધરભાઈ પટેલ કરતા હતા, તે અવ્યવસ્થિત હતું. મેં ગ્રાહકોનું લિસ્ટ અને તેમની પાસેના લવાજમની બાકીનું લિસ્ટ એક જ પત્રકમાં તૈયાર કર્યું હતું, તે બતાવવા અમો બંને રા. બા. પાસે એમને ઘેર ગયા. તે પત્રક જોઇ રા. બા. ખુશ થયા, અને ત્રિમાસિક સંબંધી બધું કામ કરવા દસ રૂપિયાના પગારથી મારી નિમણૂક કરવા શાસ્ત્રીને કહ્યું. ત્યાંથી અમો બંને છાપખાનામાં થઇ "પ્રાચીન કાવ્યમાળા"ની ઑફિસમાં કલાભવનમાં જવા નીકળ્યા. રસ્તામાં એમના મામા પ્રાણશંકર પુરાણી મળ્યા. તે સાથે અમો કલાભવનમાં ગયા. પાંચ વાગ્યે ઑફિસ બંધ કરી ઘેર જવાની તૈયારી વખતે છોટાલાલ માસ્તર કહેઃ લ્યો, પાન ખાઓ. આ વખતે "વિદ્વાન પાસે અધૂરા ભણેલાએ તેમની વાત સાંભળવી પણ પોતાની છત ઉઘાડી ન કરવી" એ કહેવત ભૂલી હું તાંબૂલના તેર ગુણનો શ્લોક—तांबूलं कटुतिक्त...એ બોલ્યો. તેમાં વિભક્તિદોષ હતો, તે ઉપર એ મંડળીમાં ઘર તરફ આવતાં રસ્તામાં મારું હાસ્ય કરવા માંડ્યું. માસ્તર કહેઃ 'શકલ તો વેદ ભણેલા (વેદિયા ઢોર)' પ્રાણજીવન વ્યાસ બોલ્યાઃ शुक्लांबरधरं देवं शशिवर्णं चतुर्भुजम् એનો અર્થ શુકલ તો એવો કરે કે, હે શશિવર્ણ (પિત્તળના) દેવ! ધોળાં વસ્ત્ર આપ નહિતર હાથપગ બાંધી ચતુર્ભુજ કરીશ; વગેરે વિનોદ કરવા લાગ્યા. મારું મુખ મ્લાન થયું. શાસ્ત્રી કહે : આ તો સ્નેહમાં બોલે છે. મેં કહ્યું: "એક ચક્રી[1] સ્નેહ[2] ઉત્પન્ન કરે તો તમો ચાર ચક્રી[3] શું ન કરો?" શાસ્ત્રી કહે: "માસ્તર, આ શુકલે તો તમને ચક્રી[1] બનાવ્યા!" એમ વિનોદ કરતા અમો બધા એમને ઘેર ગયા. આ જ વિનોદથી શાસ્ત્રી સાથે મારે ગાઢો સ્નેહ થયો અને તેથી એ કોઈ કોઇ વખત મને "પધારો શુકલામ્બર" એમ કહી હસતા.

---

૧ ચક્રી=ઘાંચી. ૨ સ્નેહ=તેલ. ૩ ચક્રી=પુનાશાઈ પાઘડી પહેરનાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે હું શાસ્ત્રીને ઘેર ગયો ત્યારે તેમણે કહ્યું કે તમો ગૌરીશંકર માસ્તરને ઘેર રહો છો તે હવે જુદા રહો; તમારાં બીજી વારનાં લગ્ન થયાં; તમોને ત્રિમાસિકનો ને છાપખાનાનો પગાર મળે છે, સ્ત્રી પણ મોટી છે, માટે હવે ગૃહસ્થાશ્રમી થાઓ. એમ કહી હસ્યા ને કહે: આ મારી જોડેનું ઘર મેં ગીરો રાખ્યું છે, એનો ઉપલો માળ મારા કબજામાં છે, વચમાં બારણું પણ મુકાવ્યું છે, તેથી તમોને ત્રિમાસિકનું કામ કરતાં પણ અનુકૂળ પડશે; એમાં રહો; હું તમારી પાસે ભાડું નહિ લઉં. થોડા દિવસ પછી મેં પણ તેમ જ કર્યું. આ હકીકત લખવાનું કારણ એટલું જ છે કે શાસ્ત્રીની સાથે મારે રાત્રિ દિવસનો ગાઢો પરિચય હતો તે વાંચકોના જાણવામાં આવે.

'પ્રાચીન કાવ્યમાળા'ની શરૂઆત સંવત્ ૧૯૪૫માં થઈ અને સંવત્ ૧૯૪૬ આખરે મહાકવિ પ્રેમાનંદકૃત "દ્રૌપદીહરણ" છપાઈ પ્રસિદ્ધિમાં આવ્યું. તેમાં કવિ-ચરિત શાસ્ત્રીનું લખેલું હતું તે, અને **કવિની કાવ્યચાતુરી, મથાળે કડવું અને રાગ લખેલા હોય પણ તે અક્ષરમેળ કે માત્રામેળ છંદો હોય તે, અને ઘણાં ચિત્રકાવ્ય વાંચી સાક્ષર વર્ગ ચકિત થયો.** કેટલાક એકે અવાજે મહાકવિ-નાં વખાણ કરવા લાગ્યા અને કેટલાક સંશયયુક્ત થઈ છિદ્રો જોવા લાગ્યા. કેટલાક સાક્ષરોના પત્રો હરગોવિંદદાસ પર આવતા તે પત્રો શાસ્ત્રીને જોવા મોકલતા. તે બધાનો સાર એ જ હતો કે "દ્રૌપદીહરણ" કાવ્યની ભાષા અને રસની મીઠાશ પ્રેમાનંદની ન હોય. શાસ્ત્રી બધાને ઠંડા પેટે યોગ્ય જવાબ લખતા અને મારી પાસે લખાવતા. તે બધાના ઉત્તરમાં એ જ વાત મુખ્ય લખતા કે "પ્રેમાનંદ અને તેના પુત્ર વલ્લભનાં કાવ્ય અને નાટકો પ્રસિદ્ધ થયે તમારી શંકા દૂર થશે."

એક વખત નડિયાદથી બાલાશંકર ઉલ્લાસરામ આવ્યા હતા. રાત્રે શાસ્ત્રીને ત્યાં જ જમ્યા હતા. રાતના નવથી બે વાગતા સુધી "દ્રૌપદીહરણ" સંબંધી ઘણા પ્રશ્નો પૂછ્યા તે બધાનું શાસ્ત્રીએ સમાધાન કર્યું, પણ રીઝયા નહિ. મૂળ લેખી ગ્રંથ જોવાને ઘણો આગ્રહ કર્યો. શાસ્ત્રીએ કહ્યું કે **જે માણસ મને પણ આખો ગ્રંથ ન આપે, એક બે પત્ર આપે તે પાછાં આપું ત્યારે બીજાં પત્ર આપે, એવા તો હઠાગ્રહી છે, તો તે તમોને શી રીતે બતાવાય?** જુઓ, હાલ દયારામકૃત "રસિકવલ્લભ" 'પ્રાચીન કાવ્યમાળા'નો બીજો ગ્રંથ લખાય છે. એમ કહી મને કહે: શુક્લાંબર, લાવો એ પુસ્તક, આપણે એમને ખાત્રી કરાવીએ. મેં એ હસ્તલિખિત પુસ્તક આપ્યું. તેના છપાયેલા ફરમા હતા તે, અને મૂળ પ્રત જોઈ કહે: **તમો કોઈ કોઈ શબ્દો ફેરવો છો ખરા.** શાસ્ત્રીએ કહ્યું કે બીજી પ્રત છોટાલાલ માસ્તર પાસે છે, તેમાં જોઈ એમણે ફેરવ્યા હશે. પછી હસતાં હસતાં કહે: **આ એક જ ગ્રંથ વાંચી તમો ચકિત થાઓ છો તો પ્રેમાનંદના આવા બીજા ઘણા ગ્રંથો છે અને નાટકો છે તે, તથા તેના દીકરા વલ્લભના નવરસના નવ ગ્રંથ છે, તથા તેનાં નાટકો છે, તે તમારા વાંચવામાં આવશે ત્યારે તમારી ડાગળી ખસી ન જાય એની શરત રાખશો.** એમ હાસ્ય કરતાં અમો ત્રણે સૂઈ ગયા. સવારમાં એ ગયા.

આવી રીતે શાસ્ત્રી "પ્રાચીનકાવ્યમાળા" સંબંધી જે જે સાક્ષર વર્ગના મનુષ્યો શંકાની દૃષ્ટિએ પૂછતા તેમના મનનું અનેક યુક્તિથી સમાધાન કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દ્રૌપદીહરણ" લખાતું હતું તેમાં ૧૭મા કડવાનો પહેલો શ્લોકઃ—

હિ આ ચ ઓં ડ· હું ટ રે, ય વૈ. ન ઊ ખ હે વ રે;
અ જો ઠ હી જ્ઞ જ્યા ણ રે, વ મા વિ વૈ ઠ ની દ રે.

એ શ્લોકનું વિવેચન શું લખવું તે માસ્તરને ન સમજાયું, ત્યારે તે રા. બા. પાસે ગયા. તેમને એ શ્લોક બતાવ્યો. રા. બા.રે શાસ્ત્રીને બોલાવવા નોકરને છાપખાનામાં મોકલ્યો, ત્યારે શાસ્ત્રી મને કહે : કંઈ છાપવા માટે આપવું હશે માટે તમો જાઓ. હું ગયો ત્યારે એ જ શ્લોકની વાતો ચાલતી હતી. પછી શાસ્ત્રી આવ્યા; તેમને કહે : આ શ્લોકનો શો અર્થ થાય છે? શાસ્ત્રી કહેઃ મને નથી આવડતો; મેં તો જે પુસ્તકમાં હતું તે જ ઉતાર્યું છે. રા. બા. માસ્તરને કહે કે આ એકાક્ષરી કોશનો શ્લોક છે, તે બેસતો નથી, એમ લખી આગળ વિવેચન લખો. શાસ્ત્રી કહે : હું આજ રાત્રે એ બાઇ પાસે બીજાં પત્રો લેવા જઈશ ત્યારે એ બાબત તપાસ કરતો આવીશ. બીજે દિવસે એ શ્લોકનો અર્થ ઉતારી આણી રા. બા.ને અને માસ્તરને આપ્યો, તે ઉપરથી માસ્તરે અર્થ લખ્યો ને નીચે ટીપમાં જણાવ્યું છે કેઃ— "આ એકાક્ષરી શ્લોકનો અર્થ જે બાઇ પાસેથી, આ પુસ્તક મળ્યું છે તેની પાસે એક જુદા કાગળ ઉપર લખેલો હતો તે ઉપરથી લખ્યો છે. **સૌભરિકૃત એકાક્ષરી કોશ** પ્રમાણે એ શબ્દોના અર્થ મળતા આવે છે." **આ શ્લોકથી રા. બા. પણ શંકાશીલ થયા હતા.** (આ વખતે રા. બા. ની ઑફિસ છાપખાના સામે ટાવરવાળા મકાનમાં બેસતી હતી.) "પ્રાચીનકાવ્ય-માળા"ના ગ્રંથો ઘણા સારા છે, પણ **તેનું—વિવેચન કરનાર કવિ છોટાલાલ માસ્તર ન હોય તો એ ગ્રંથોનો જે પ્રકાશ વાચકવૃંદ ઉપર પડયો છે તે ન પડત.** "દ્રૌપદીહરણ" અને "સત્યભામારોષદર્શિકાખ્યાન" નાટકમાં છોટાલાલે પોતાના જ્ઞાનના અખૂટ ભંડારનો સંપૂર્ણ ઉપયોગ કર્યો છે, એ નિર્વિવાદ છે. કોઇ પણ મનુષ્યને સાક્ષરી જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેણે છોટાલાલ માસ્તરનાં વિવેચન કરેલાં "દ્રૌપદીહરણ" અને "સત્યભામારોષદર્શિકાખ્યાન" નાટક જરૂર વાંચવાં, એમ મારી ભલામણ છે.

"પ્રાચીનકાવ્યમાળા"ના ગ્રંથો ઉતારવાનું કામ શાસ્ત્રી રાતે જ કરતા. સવારમાં ઘનશ્યામ આવી દરેક કાગળ ઉપર ચાર કડી લખી કૉપી કરતા, તે માસ્તરને દસ વાગે આપતા. (માસ્તરનું ઘર શાસ્ત્રીના ઘરની સામે જ હતું.) તે વાંચી જે કડીમાં કે જે શબ્દમાં સમજ ન પડે તે શાસ્ત્રીને આવીને પૂછતા તેનો ખુલાસો શાસ્ત્રી કરતા. પછી ઑફિસમાં જઈ માસ્તર વિવેચન લખતા. ગ્રંથકર્તા દરેક કવિનું કવિચરિત તો શાસ્ત્રી જ લખતા. તેમાં યોગ્ય લાગે ત્યાં રા. બા. કે માસ્તર સુધારો કરતા. "દ્રૌપદી-હરણ"ના પુસ્તકમાં કવિચરિતમાં શાસ્ત્રીએ કવિ નર્મદાશંકર અને રા. નવલરામભાઈએ પ્રેમાનંદ કવિની જન્મ-સાલ ખોટી બતાવી છે એમ લખી ટાણો માર્યો હતો. તે નીચે પૃષ્ઠ ૧૧માં "પ્રેમાનંદે કયા કયા અને કેટલા ગ્રંથો બનાવ્યા છે તે હજી નક્કી જાણ-વામાં આવ્યું નથી" ત્યાંથી તે પૃષ્ઠ ૧૨મામાં" અથવા એ સ્કંધ આખો વર્ણવાને બદલે જ વામનકથા લીધી હશે." ત્યાંસુધી શાસ્ત્રીના લખેલા કવિચરિતમાં વધારો કરાવવા લખી બતાવ્યું. ત્યારે શાસ્ત્રી કહે : નવલરામભાઈએ વલ્લભ-ઝઘડાની વાત શી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

29625
25.3.2013
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
४२ग/५०

રીતે જાણી? પ્રેમાનંદના ગ્રંથભંડારની યાદી મુજબ મેં ફક્ત દી. સા. ને કહી હતી: વલ્લભ–ઝઘડાની વાત કોઇ જાણતું નથી. એમ કહી તે લખાણ રદ કરવા કહ્યું. ત્યારે માસ્તરે શાસ્ત્રીએ કહ્યા તે તે ગ્રંથો ઉપર * આવી નિશાની મૂકી વધાર્યું કે * નિશાની-વાળા સાત ગ્રંથ રા. નવલરામના જોવામાં આવ્યા નથી, તેમ જ તજવીજ કર્યા છતાં તેમાંના ઘણાકનો પત્તો હજી મને મળ્યો નથી. વગેરે લખાણ ફેરવી ફરી લખ્યું હતું.

આ જ વખતે માસ્તરે પ્રશ્ન પૂછ્યો હતો કે તમો લખો છો કે "દ્રૌપદીહરણ તેમણે એક અઠવાડિયામાં પૂરું કર્યું હતું;" એમ તમો શા આધારે લખો છો? ઉત્તરમાં કહ્યું કે મેં ત્યાં જ 'જૉનસન'નું દૃષ્ટાંત આપી અને લક્ષ્મણાહરણથી ખુલાસો કર્યો કે પ્રાસાદિક કવિ એમ ઝડપથી લખી શકે જ.

એવી રીતે છોટાલાલ માસ્તર શાસ્ત્રીના લખાણમાં સુધારો પણ કરતા.

એક વખત અમો ત્રણે માસ્તરની અગાશીમાં બેઠા હતા, ત્યારે શાસ્ત્રી કહે: તમે "દ્રૌપદીહરણ"નું વિવેચન ઘણું સારું લખ્યું; તેમાંથી મને ઘણું જાણવાનું મળ્યું. માસ્તર કહે: શું ઇનામ આપશો? શાસ્ત્રી કહે: **પ્રેમાનંદના ગુપ્ત ભંડારનું સ્થાન ન પૂછશો;** તે સિવાય મારી અંગત વસ્તુમાંથી જે માગો તે આપીશ. માસ્તર કહે: તે કેમ નહિ? શાસ્ત્રી કહે: **તેથી જ તમારા કરતાં મને પાંચ રૂપિયા પગાર વધુ આપે છે.**

શાસ્ત્રી સારા કવિ હતા એમ મારા જાત–અનુભવથી લખું છું. મને કવિતા શિખ-વાડવા પાદપૂર્તિઓ આપતા ત્યારે તરત જ મોઢે બોલી લખાવતા. એક વખત શાસ્ત્રીના ઘરના એટલે હજામત કરવા વાળંદ આવેલો હતો. શાસ્ત્રી આવતાં પહેલાં માસ્તર હજામત કરાવવા બેસી ગયા. તે વખતે શાસ્ત્રી એક છંદ બોલ્યા તેનું ચોથું ચરણ મને યાદ છે તેઃ—

"વૃક્ષ કયું એ બતાવો પુરાણી રાણી."

માસ્તર કહે: આ તે આર્યા કે ગીતિ? શાસ્ત્રી કહે: જે છે તે એ; ઉત્તર આપો તો હજામત કરાવો, નહિતર કોરે બેસો. વાળંદને હજામત કરવા ના પાડી, ખૂબ વિનોદ કર્યો. વાળંદને ઇશારાથી સમજાવ્યું તેથી તેણે કહ્યું: બાપા, એ તો વાળ. શાસ્ત્રી કહે: તમને કવિ કોણે બનાવ્યા? આ વાળંદ જેટલું પણ જાણતા નથી. આવા વિનોદ તો દર રવિવારે થતા.

એક વખત "માર્કંડેય પુરાણ" લખાતું હતું. માસ્તરના ઘરમાં કાંઇ પ્રણયપ્રકોપ થયો હતો. બીજા દિવસના લખાણમાં "માર્કંડેય પુરાણ"નું કડવું ૧૩૩ મું મૂળ પ્રતમાંથી ઉતારીને આપ્યું, તેમાં ૮ મી કડીમાં એક શ્લોક હતો તેઃ—

"કાલી ઘેલૉ અપાર મેલૉ મનની, વેંલી વઢચામાં વધે,
કાણી કુબડી કે કુવેડ ફરતી, વકાંગી હોયે બધે.
બોલે બોલ અતોલ રોળ રમતી, છૈયાં જણે ના જણે,
કામેચ્છા પૂૅરી જો ચહે તું ફરવા, તો ગોૅરી તારી ગણે–"

એ વાંચી માસ્તર કહે: **આ શ્લોક મૂળમાં નથી, તેમ પ્રેમાનંદ આવો શ્લોક ન લખે, તમે જ મારા ઉપર લખી ઘુસાડી દીધો છે.** શાસ્ત્રીએ કહ્યું કે પ્રેમાનંદે એમાં શું ખોટું કર્યું છે? પ્રાસાદિક કવિઓ તો એમ જ લખે. (માર્કંડેય પુરાણનું ગુજ-રાતી ગદ્ય ભાષાન્તર માસ્તરે આ પૂર્વે જ કર્યું હતું એ વાચકવૃંદ યાદ રાખશે.)

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત 'ચંદ્ર ચંદ્રાવતી' (કે બીજી, મને એની આજે બરાબર શરત નથી.) શામળભટ્ટની વાર્તા 'ત્રિમાસિક–પ્રાચીન કાવ્ય' માટે મૂળ પ્રત ઉપરથી ઉતારવાનું કામ મને સોંપ્યું હતું. દરરોજ જેટલું લખાય તેટલું બીજે દિવસે સવારમાં શાસ્ત્રીને વાંચવા આપતો. એક દિવસ નાયક–નાયિકાના પ્રશ્નોત્તરવાળા કાગળ મેં ઉતારીને વાંચવા આપ્યા ને કહ્યું: શામળભટ્ટ જેવા કવિએ ઉત્તર એક શબ્દથી જ લખ્યા તો એ જ છંદમાં કેમ નહિ લખ્યા હોય ? શાસ્ત્રીએ કહ્યું કે **લો, આપણે તેમ જ કરીએ; કહી ઉત્તરની જગ્યાએ તે જ છંદમાં તરત જ ઉત્તર લખી આપ્યા હતા,** અને પ્રસ્તાવનામાં લખ્યું હતું કે **"ભીખાભાઈ પાસેથી મળેલી બીજી પ્રતમાં આ ઉત્તરો લખેલા છે."** એમ શાસ્ત્રીમાં કવિત્વશક્તિ સારી હતી એમ સિદ્ધ થાય છે.

"ભારત નાટ્યોદ્ધારક" નાટક કંપનીની પ્લેઓ (નાટક ભજવવાનાં પુસ્તકો) રાધા-વિલાસ, સૂર્યપ્રભા, ચદ્રકળા, ગોપીચંદ, મહિયારી, ચિત્રસેન ચંદ્રિકા, વગેરે એમની જ લખેલી છે ને તે છાપેલી છે. ચંદ્રકળામાં તો ગદ્ય પણ પ્રાસબદ્ધ લખ્યું છે તે સુપ્રસિદ્ધ છે. એ જ એમની કવિત્વશક્તિનો પુરાવો છે. પ્લેઓનું વિશેષ વર્ણન નાટક કંપનીના પ્રસંગમાં કરીશ.

તેમને જૈન ધર્મના માગધી ભાષાના ગ્રંથો વાંચી તેના ઉપરથી કવિતા-બદ્ધ લખતાં મેં જોયેલા હતા. તેમ જ મહાભારતનાં આખ્યાનોના કરેલા ઉતારાની નોંધો વાંચી તેના ઉપરથી કવિતાબદ્ધ લખતાં મેં જોયા હતા.

શાસ્ત્રી સારા કવિ હતા એ નિર્વિવાદ છે. શાસ્ત્રી કવિત્વ–શક્તિવાળા હતા. એ રસજ્ઞ ને ગાયનમાં પણ પ્રવીણ હતા. કોઈ કોઈ વખતે મધુર સ્વરે અગાશીમાં એકલા બેસી ગાતા. મરાઠી સાખી અને હિંદી સારા રાગે તાલબદ્ધ ગાતા. છપાયેલાં પુસ્તકમાંના કે લખેલા પુસ્તકમાંના છંદો એમની પાસે કોઇ બોલે ને તેમાં તાલની ભૂલ કરે તો તે તાલબદ્ધ પોતે બોલી બતાવતા. લેખી પુસ્તકો ઉતારતાં તાલ તૂટતો હોય ત્યાં ફેરફાર પણ કરતા.

એક વખત ઘનશ્યામભાઈ જયદેવકૃત અષ્ટપદી બોલ્યા; ત્યારે કહે કે એમ ન બોલાય; આ તાલમાં તમારી ભૂલ થાય છે. એમ કહી ધીમેથી સારા કંઠથી પોતે બોલી બતાવી હતી.

એક વખત અમે બંને અંબાશંકર વૈદ્યને ત્યાં ગયા હતા. અંબાશંકર એક વાજિંત્ર વગાડનાર પાસે દિલરૂબા શીખતા હતા. ત્યાં પુષ્પદંતકૃત શિવસ્તુતિનો પહેલો શ્લોક—**મહિમ્નઃ** વાજિંત્ર સાથે વગાડી, શીખવનાર ઉસ્તાદ શીખવતો હતો. ત્યારે શાસ્ત્રી કહેઃ આ છંદમાં આટલી જગ્યાએ તાલ છે; તે પ્રમાણે વગાડો અને ગવરાવો. એમ કહી એ જ વૃત્તનો પ્રેમાનંદકૃત છંદ ગાઈ બતાવ્યો. ઉસ્તાદ ખુશ થયો. ત્યારે શાસ્ત્રી કહેઃ છંદના ગણ, તાલ, ને માત્રા જાણી ગાવામાં આવે તો ઘણી મીઠાશ આવે.

શાસ્ત્રી કોઈપણ નવો રાગ કે પદ, કોઈ પાસેથી સાંભળે ને તે સારું હોય તે લખી લેતા અથવા શીખી લેતા. એક વખત સુરસાગર તળાવની સામેના એક મકાનમાં એક દક્ષિણી બે તૈલંગી છોકરીઓને લઈ આવેલો હતો. તે બંને નાચવામાં અને ગાવામાં કુશળ હતી. તે કોઇને ત્યાં ગાવા જતી નહિ, પણ સારા માણસોને પોતાને ત્યાં બોલાવી એ છોકરીઓ પાસે પેલો નાચ, ગાન કરાવતો. એક કલાકના જલસાના ઓછામાં ઓછા પાંચ રૂપિયા લેતો. તે, તેનાં હેન્ડબિલ છપાવવા છાપખાનામાં આવ્યો હતો, તે વખત એનો નાચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ગાયન સાંભળવા આવવાને કહ્યું. ઘનશ્યામ સાથે અમો ત્રણ ત્યાં ગયા. પતંગ ઉરાડવાનો નાચ અને એક દક્ષિણી ભાષામાં વૈરાગ્ય ઉત્પન્ન થાય તેવું, પણ હાવભાવમાં શૃંગારયુક્ત, હાવ નાટકી એક્ટિંગનું ગાઈ બતાવ્યું. શાસ્ત્રી ખુશ થયા, પંદર રૂપિયા તેને બક્ષિસ આપ્યા, ને ત્યાં જ તેની પાસેથી એ ગાયન ઉતારી લીધું. **એ જ રાગનું અને એવી જ મતલબનું ગાયન અષ્ટાવક્રાખ્યાન કડવા ૧૨ માં જનકની સભામાં ગાનારી પાસે પ્રેમાનંદે ગવરાવ્યું છે.**

શાસ્ત્રી જૂની લિપિમાં લખેલા બોડિયા અક્ષરો સપાટાબંધ વાંચતા. **જૂની પ્રતો ઉપરથી કોપી કરતાં કોઈ ટૂક-કડી ન બેસે તો ચાલતા પ્રકરણને મળતી કવિતા ઝટ કરી લખી દેતા.** છોટાલાલ માસ્તર ઘણા વખત કહેતા કે **"શાસ્ત્રીને રંદો દેતાં સારો આવડે છે."** ટીકા કરતાં માસ્તર મૂળ પ્રત જોઇ તેવાં વાક્યો પ્રત પાઠાંતરમાં બતાવતા હતા.

ત્રિમાસિકમાં બહાર પડેલાં પુસ્તકોમાં આવી રીતે ઘણી જગ્યાએ થયેલું છે અને 'બૃહદ્ કાવ્યદોહન'માં પણ તે જ પ્રમાણે અક્ષરશઃ છપાચ્યું છે, એમ માસ્તર કહેતા. મેં પણ મેળવી જોયેલું છે.

"બૃહદ્ કાવ્યદોહન"માં ઇચ્છારામભાઈને અડચણ પડે તેમ ન હતી, કારણ કે તેમને આખા ગુજરાતના ગમે તે ભાગના કવિઓનાં કાવ્ય છપાવવાની છૂટ હતી. અને મુંબઇમાં ઘણા ધનાઢ્યોની સહાય હતી તેથી તે વધુ પ્રસિદ્ધ થયાં છેઃ અને હરગોવિંદદાસ તથા નાથાશંકરને "પ્રાચીનકાવ્યમાળા"માં મહારાજા સાહેબનો જ આશ્રય હતો, અને ગાયકવાડી રાજ્યનાં જ પુસ્તકો છાપવાનું કામ હતું. "ત્રિમાસિક-પ્રાચીનકાવ્ય"માં નાનાં આખ્યાન છપાતાં, ને મોટાં છાપવાનું કામ શાસ્ત્રીનું અવસાન થયું તેથી રહી ગયું છે. એમના હસ્તલિખિત ભંડોળમાં એવાં પુસ્તકો પણ હતાં.

"પ્રાચીનકાવ્યમાળા"માં જે જે કવિઓનાં કાવ્ય છપાયાં છે તેનું વર્ણન આ સાથે **પરિશિષ્ટ નં. ૩**માં આપ્યું છે, તે વાચકવૃંદ ધ્યાન આપી વાંચશે. તેમાં વીશ કવિઓનાં કાવ્ય છે. તેમનાં મોટાં આખ્યાનો ને તેનાં પેટા કાવ્યો મળી એકંદરે વિષય ૧૭૪ થાય છે. ઘણાં પુસ્તક-કાવ્યો એમના હસ્તલિખિત ભંડારમાનાં છે ને કેટલાંક જેમણે એમને આપેલાં નહિ તે લાગી વાવી તથા નવી શોધમાં પ્રાપ્ત થયેલાં તે લાવી, તેને ઉતારી લઇ પાછાં આપેલાં તે પણ છે.

જે પુસ્તકોનો હજી પણ પત્તો લાગતો નથી, જેને શાસ્ત્રી, પ્રેમાનંદનાં કાવ્યોનો ગુપ્ત ભંડાર કહે છે ત્યાંથી બે પત્ર લાવી તે ઉતારી પાછાં આપ્યેથી બીજાં બે ત્રણ પત્ર આપે છે એમ કહેતા તે કે જેની શાસ્ત્રીના અવસાન પછી રા. બા. હરગોવિંદદાસે, કવિ છોટાલાલે, વૈદ્ય ઘનશ્યામભાઈએ અને વૈદ્ય અંબાશંકરભાઈએ પોતાના અવસાન સુધી વડોદરામાં ઘણી શોધ કરી હતી, છતાં એ લેખી પુસ્તકોનો ભંડાર પ્રાપ્ત થયો નથી. મૂળ લેખી પુસ્તકો ન મળવાથી સાક્ષરો શંકાની નજરે જુએ છે, તે પુસ્તકો :

નં.	પુસ્તકનું નામ	કવિ
૧.	દ્રૌપદીહરણ	પ્રેમાનંદ
૪.	દુઃશાસનરુધિરપાન	વલ્લભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨.	અષ્ટાવક્રાખ્યાન	પ્રેમાનંદ
૧૬ થી ૨૦.	માર્કંડેય પુરાણ	પ્રેમાનંદ
૨૬.	સત્યભામારોષદર્શિકાખ્યાન નાટક	પ્રેમાનંદ
૨૭.	કુન્તીપ્રસન્નાખ્યાન	વલ્લભ
૨૮.	યુધિષ્ઠિરવૃકોદરસંવાદ	વલ્લભ
૨૯.	મિત્રધર્માખ્યાન	વલ્લભ
૩૦.	પાંચાલીપ્રસન્નાખ્યાન નાટક	પ્રેમાનંદ
૩૧.	તપત્યાખ્યાન નાટક	પ્રેમાનંદ

આ દશ ગ્રંથો અથવા આખ્યાનો કોનાં બનાવેલાં તે બાબત સાક્ષરોમાં શંકાની દૃષ્ટિએ ઘણો ઊહાપોહ થયો હતો અને હજી પણ થાય છે.

તેમ જ 'ત્રિમાસિક–પ્રાચીન કાવ્ય'માંના આ પૂર્વે જણાવેલ સાત ગ્રંથો–પુસ્તકો માટે પણ અનેક અટકળોથી શંકાની દૃષ્ટિથી જુએ છે. સાક્ષરવર્ગમાં કેટલાક, કેશવલાલ-ભાઇ આદિક, આ ગ્રંથો પ્રેમાનંદ અને વલ્લભના જ છે એમ માને છે, ત્યારે બીજા મૂળ-લિખિત પ્રત ન દેખવાથી અને એ વખતની ભાષા અને શબ્દરચના તથા તેમાંની કહેવતો ને શૈલી આધુનિક છે એમ શબ્દો ને વાક્યો ટાંકી બતાવી, તે કૃતિ પ્રેમાનંદ અને વલ્લભની નથી એમ કહી–લખી શંકા ઉઠાવે છે.

રા. ન. ભો. ભાઇએ 'પ્રેમાનંદનાં નાટકો' એ વિષય ઉપર તા. ૧૨–૪–૧૦ સંવત્ ૧૯૬૬માં એક મોટો લેખ લખ્યો છે ને તે પુસ્તક રૂપે બહાર પડયો છે. **એ પુસ્તકોની મૂળ લેખિત પ્રતો શોધી આપનાર માટે ગુજરાતી અઠવાડિક પેપરમાં પાંચસો રૂપિયા ઇનામ આપવાની જાહેર ખબરો પણ છપાવી હતી.**

આવા ઊહાપોહનો જન્મ તો શાસ્ત્રીની હયાતીમાં જ થયો હતો, અને શાસ્ત્રીના અવસાન પછી તો સાહિત્ય પરિષદોમાં તો ઘણો જ થયો છે. કેટલાએકે તો એક બીજાથી સરસાઈ કરવા મહાકવિ પ્રેમાનંદને પણ ચોર જેવા ઠરાવ્યા છે. એ કહે છે કે કવિ ભાલણ અને તે પછીના પ્રેમાનંદથી પહેલાના કવિઓનાં કાવ્યોની ચોરી કરી તેમના જેવાં કાવ્યો બનાવ્યાં છે, એવું કહેવાની પણ ધૃષ્ટતા કરી છે. અહીં તેનું વર્ણન કરવાની જરૂર નથી. પણ પ્રથમ બતાવેલાં પુસ્તકો માટે જ ખુલાસો કરવાની જરૂર છે.

આજે ૪૬ છેતાલીસ વર્ષે પ્રો. ભટ્ટ મને તે બાબત ખુલાસો કરવા કહે છે અને ખરું શું છે તે લખવા કહે છે.

આ મારા લખવામાં અને ખુલાસામાં શંકાઓ ઉત્પન્ન થવાની જ છે. જગત તો શંકાનો સાગર છે.

શાસ્ત્રીના અવસાન પછી સંવત્ ૧૯૫૩ ના ભાદરવા માસમાં હું વડોદરા છોડી યાત્રાએ ગયો. યાત્રાએથી આવી સંવત્ ૧૯૫૫ માં ઝાડેશ્વર (તા. ભરૂચ) નોકરી લીધી. ત્યાર પછી તે આજ સુધી વડોદરામાં મારાં સગાં હોવાથી ઘણા વખત આવવાનું થાય છે; તેથી તે પ્રસંગોમાં ઘનશ્યામભાઈ, વૈદ્ય અંબાશંકર અને કવિ છોટાલાલની પાસે જતો તે વખત તેમની સાથે જે જે વાતો થઈ છે, તે જ સંભારી સંભારીને એકઠી કરી લખું છું અને શંકાઓનું સમાધાન કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકા-સમાધાન

"પ્રાચીન કાવ્યમાળા"ના પ્રેમાનંદ અને વલ્લભના ગ્રંથો માટે એમનું મિત્રમંડળ પણ શંકાની દૃષ્ટિએ જોતું હતું, તો બીજા સાક્ષરો જુએ એમાં નવાઈ શી? શાસ્ત્રી ચાર ચોપડી ગુજરાતી ને બે ચોપડી અંગ્રેજી ભણેલા તે આવા ગ્રંથો લખી શકે નહિ, એમ એમના મિત્રમંડળમાં ચર્ચા થતી. અને સાક્ષરવર્ગમાં પ્રેમાનંદના બીજા ગ્રંથો પ્રસિદ્ધિમાં આવ્યા છે, તો આવા ઉત્તમ ગ્રંથો—કાવ્યો—કેમ પ્રસિદ્ધિમાં નહિ આવ્યાં હોય? આજ જ શી રીતે આવ્યાં? એમ શંકાની દૃષ્ટિએ જોતા.

એમની હયાતીમાં એક દિવસ મને શાસ્ત્રી કયા પુસ્તક ઉપરથી લખે છે એ જાણવાની ઇચ્છા થઈ. શાસ્ત્રી બહાર ગયા હતા તે વખતે મેં એમના ત્રીજે માળે જઈ એમનું ટેબલ ઉઘાડી જોયું તો તેમાં મહાભારતના ઉતારા કરેલી પેન્સિલથી લખેલી એક નોટ, બે ચાર કોરા કાગળ ને એક પેન્સિલ હતાં. તે વખતે પ્રેમાનંદકૃત અષ્ટાવક્રાખ્યાન લખાતું હતું. બીજે દિવસે મને કહ્યું: "આપણા ઘરમાં પ્રાચીન પુસ્તકો ઘણાં છે. તેમાં તમે પણ આણી આપેલાં છે. તેમાંથી તમને યોગ્ય લાગે તે પુસ્તક તમો ઉતારો અને તમારા નામે છપાવો. એક હજાર કોપી છપાવો ને વેચો. બસોક રૂપિયા મળશે." મેં કહ્યું: "આ બધાં પુસ્તકો મારાં જ છપાય છેને? કેમ એમ કહો છો?" તો શાસ્ત્રી કહે: "તમે મારું ટેબલ શા માટે ઉઘાડ્યું હતું? હું ચાર ચોપડી ગુજરાતી ભણેલો તેને પચાસ રૂપિયા પગાર મળે છે તેની ઈર્ષ્યા આવે છે કે શું?" મેં કહ્યું: "ખરી વાત છે. અસલ પુસ્તક જોવા માટે મેં ટેબલ ઉઘાડ્યું હતું. હવેથી તેમ નહિ કરું. .... પણ તમે શી રીતે જાણ્યું?" ત્યારે કહ્યું 'કે એ તો જણાય જ.' એવી રીતે શાસ્ત્રીમાં છાની વાત પણ જાણવાની વિચક્ષણ બુદ્ધિ હતી. મેં પણ ત્યાર પછી એમનાં પુસ્તકોના લખાણની બાબતમાં શંકાશીલ થઈ તપાસ કરવાનું કે જોવાનું કામ છોડી દીધું હતું.

એક વખત "માર્કણ્ડેયપુરાણ" છપાતું હતું. તે વખત તેનું વિવેચન કરતાં છોટાલાલ માસ્તર કહે: "આજ તમોને પકડ્યા છે. મેં જે ભાષાન્તર કર્યું છે તેમાં જે શ્લોકમાં મેં ભૂલ કરી છે તે જ શ્લોકમાં તેવી ભૂલ પ્રેમાનંદ કવિએ પણ કરી. માટે તમો મારા કરેલા ભાષાન્તર ઉપરથી જ લખો છો. તેમ જ 'મદાલસા આખ્યાન'ની કૃતિ અને આ કૃતિમાં પણ ફેર છે." શાસ્ત્રી કહે: "પ્રેમાનંદ પણ મનુષ્ય જ છે. તેની પણ ભૂલ થાય. એ શ્લોક કયો તે બતાવો જોઈએ." માસ્તરે સંસ્કૃત "માર્કણ્ડેયપુરાણ" કાઢી તે શ્લોક બતાવ્યો, તેનો અર્થ કરી બતાવ્યો કે, "અહીં આમ લખવું જોઈતું હતું. તે મેં ભૂલથી આવી રીતે લખ્યું છે. માટે તમો મારા ભાષાન્તર ઉપરથી જ લખો છો." શાસ્ત્રી કહે: "તમો કંઈ પણ શંકા ન લાવતાં વિવેચન લખ્યા જ જાઓ. તમો ને હું નહિ હોઈએ ત્યારે એ પુસ્તકોનું અને આપણું જગત ગુણગાન કરશે." એમ કહી શાન્ત કર્યા હતા.

તે શ્લોકની બે કડી છાપતી વખતે શાસ્ત્રીએ સુધારેલી લીધી હતી.

"આ પુસ્તકો તમો ક્યાંથી ઉતારી લાવો છો?" એ વાત પૂછતાં પોતાના મિત્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંડળમાં **ઘડિયાળી પોળમાંથી** લાવું છું એમ કહેતા; રા. બ.ને **મહેતા પોળમાંથી** અને બાલાશંકરને **મામાની પોળમાંથી**; અને એક વખત કેશવલાલ હ. ધ્રુવ સાહેબ આવ્યા હતા તેમને **બાજવાડામાં** આ પુસ્તકોનો ભંડાર છે, એમ જુદાં જુદાં સ્થાન બતાવતા તેમાં પણ એમની યુક્તિ જ હતી.



સ્વ. શ્રી. અંબાશંકર બેચરભાઈ રસવૈદ્ય
જન્મ : સંવત ૧૯૧૯ વૈશાખ વદિ ૧૩
અવસાન : સંવત ૧૯૯૨ પોષ વદિ ૫

એક વખત હું અને માસ્તર છાપખાનામાંથી ઘેર આવતાં એમની પાછળ પાછળ છૂપી રીતે એ સ્થાન જોવા ગયા હતા પણ કંઈ વળ્યું ન હતું.

અંબાશંકર વૈદ્ય હતા. તેથી ઘડિયાળી પોળમાંની દરેક પોળમાં દરેક ઘેર તપાસ કરી હતી, છતાં કોઈ પણ મનુષ્યને ત્યાંથી પુસ્તકોની ભાળ મળી ન હતી.

શાસ્ત્રીના અવસાન પછી જ્યારે જ્યારે હું તેમને મળતો ત્યારે કહેતા કે: **"શાસ્ત્રી વધુ જીવ્યા હોત તો સાહિત્યના ક્ષેત્રમાં ઘણો પ્રકાશ પાડત."**

એક વખત હું મારા શેઠ હરિભાઈ અમીનના કામે મુંબઈ ગયો હતો. તે વખત અંબાશંકરભાઈ પણ મુંબઈમાં રહેતા હતા. તે વખત 'મુંબઈ નેશનલ મેડિકલ કૉલેજ'માં આયુર્વેદ વિભાગમાં તેઓ મુખ્ય અધ્યાપકનું કામ કરતા હતા. એક દિવસ એમને ઘેર હું મળવા ગયો. રાત્રે તેમને ત્યાં જ સૂઈ રહ્યો હતો અને શાસ્ત્રી માટે ઘણી વાતો કરી હતી.

અંબાશંકરે કહ્યું કે, "મેં ડભોઈ વગેરે સ્થાનોથી લિખિત પુસ્તકો લાવી આપવા ઘણી મદદ કરી હતી. વળી ત્રિમાસિકનાં ગ્રાહકો કરી આપવા ઘણી જગ્યાએ ફર્યો હતો. નાટકકંપની માટે તમે અને મેં કમાઈ અને જુવાની ખોઈ." વળી આંખમાં અશ્રુ લાવી બોલ્યા કે, **"શાસ્ત્રીએ આપણને પણ છેતર્યા છે. ક્યાં ગયાં પ્રેમાનંદનાં નાટકો અને ત્રણ લાખ કડીનું ભારત? વલ્લભના નવે રસના નવ ગ્રંથો ને નાટકો તથા વલ્લભ-ઝઘડો?** એ તો એની સાથે જ ગયાં તે ગયાં જ. વધુ જીવ્યો હોત તો શું ન કરત?" વગેરે ઘણી વાતો કરી છેલ્લે કહ્યું કે, **"પ્રાચીન કાવ્યમાળા'માં પ્રેમાનંદના ભંડારનાં પુસ્તક બહાર પડ્યાં તે બધાં એનાં જ બનાવેલાં છે."**

મેં કહ્યું: "હું તો છેતરાઉં, પણ તમે કેમ છેતરાયા? તમો તો સગા ભાઈ જેવા એક અંગ હતા." અંબાશંકરે કહ્યું કે, "શાસ્ત્રી મારા કરતાં દોઢ બે વર્ષે મોટા તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની આમન્યા ન તોડવી, અને વધુ કેડો પકડું તો પિત્રાઈ દાવો કરે માટે." વગેરે વાતો થઈ હતી.

અંબાશંકરે રસક્રિયાનું વૈદ્યોને ઉપયોગનું એક પુસ્તક લખ્યું છે. તે અપ્રસિદ્ધ છે. એમનું અવસાન સંવત્ ૧૯૯૨ ની સાલમાં થયું હતું. એમના પુત્ર બાલચંદ્ર સારા વૈદ્ય છે.

"પ્રાચીન કાવ્યમાળા"નો ચોથો અંક પ્રેમાનંદ–સુત વલ્લભ કૃત " દુઃશાસનરુધિરપાન " છપાતો હતો ત્યારે મને ઘનશ્યામ કહે : " આ ગ્રંથની મૂળ પ્રત શાસ્ત્રી પાસેનાં પુસ્તકોમાં છે?" મેં કહ્યું, " **મેં યાદી કરી છે તેમાં નથી.**" ત્યારે કહ્યું કે, " એ શા ઉપરથી લખે છે?" મેં જવાબ આપ્યો કે: "તે તો તમે એમના મિત્ર છો તે જાણતા જ હશો." ત્યારે કહ્યું કે " હું એમના કરતાં છ વર્ષે નાનો છું. છાપખાનું શરૂ થયું ત્યારથી મારે એમની સાથે વધુ મિત્રતા થઈ છે. તે પહેલાં એ સામા તડમાં હતા, માટે હું એમની પાસે ઝાઝો જતો નહિ. **'દ્રૌપદીહરણ' અને 'દુઃશાસનરુધિરપાને' તો શા. બ.ને પણ શંકાશીલ કર્યા છે.** શાસ્ત્રીને અસલ ગ્રંથો બતાવ્યા સિવાય નહિ જ ચાલે." એમ ઘનશ્યામ પણ શંકામાં જ હતા.

સ્વ. રાજવૈદ્ય ઘનશ્યામભાઈ બાપુભાઈ
જન્મ : સંવત ૧૯૨૩ ફાગણ સુદિ ૧૦
અવસાન : સંવત ૧૯૭૫ પોષ વદિ ૩

શાસ્ત્રીના અવસાન પછી એ ત્રણ વર્ષે હું ઘનશ્યામભાઈને મળવા ગયો હતો. તે વખત "શામળશા"નો મોટો વિવાહ" અને તે લખવાનું કારણ શાસ્ત્રીના હાથનું ઉતારેલું મારી પાસે ગ્રંથોની યાદી સાથે આવેલું હતું. તે મેં ઘનશ્યામભાઈને આપ્યું. ત્યારે આંખમાં અશ્રુ લાવી કહેઃ 'ગુજરાતનું એક રત્ન ગયું. **વધુ જીવ્યા હોત તો સાહિત્યમાં ઘણો વધારો કરત.'**

મેં કહ્યું : " હવે તમે વધારો કરોને ?" ઘનશ્યામભાઈ કહે : " **માર્કણ્ડેયપુરાણનો ઘણો ભાગ મારે ઘેર બેસી લખ્યો હતો** 'મદાલસા આખ્યાન'માંથી હું ઉતરાવતો હતો, તે તો તમો પણ જાણો છો જ. **એના જેવો યુક્તિબાજ બીજો કોઈ નહિ.** બહારના વર્તનમાં મારે એમની સાથે લગીરે અંતરપટ નહતું. અને **પ્રેમાનંદ ને વલ્લભના નામે ગ્રંથો લખવામાં મને પણ અંધારામાં રાખ્યો.**" મેં કહ્યું, એ પ્રેમાનંદનો ભંડાર તમે ખોળી કાઢોને ?" ત્યારે કહે :" **એ તો એમની સાથે જ લઈ ગયા. ક્યાંથી ખોળવો ? હોય ત્યારેને ?"**

પછી મને વલ્લભકૃત " મારુતિવિજય " નામના નાટકની નાન્દી શાસ્ત્રીના હાથની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખેલી બતાવી ને કહે કે, "શાસ્ત્રી સુરતથી માંદા થઈ અહીં આવ્યા ત્યારે મને આપી કહે કે તમારી પાસે રાખો. મને મટે ત્યારે આપજો. તે જુઓ." મને વાંચી સંભળાવી તેમાં પારિપાર્શ્વકનું એક વાક્ય મને યાદ છે કેઃ—

'નાટક તો નરનાં હોય, વાનરનાં ન હોય."

બીજું એક વાક્ય જેવું તેવું યાદ છે કેઃ—

"જેમ ઋષિને માથે શીંગડું તેમ આ આખ્યાનના નાયકને પૂંછડું છે."

વગેરે વાંચી સંભળાવ્યું હતું.

મેં કહ્યું: "માસ્તર મને એક વખત કહેતા હતા કે, વલ્લભનાં કાવ્ય ઘનસ્યામ છટાબંધ વાંચી સંભળાવે છે, માટે એમણે તો નહિ લખ્યાં હોય? જો એમ જ હોય તો વલ્લભનાં બધાં કાવ્યો તમે લખી દોને!" ત્યારે તેમણે કહ્યું કે, "હું તમને ખાતરીપૂર્વક કહું છું કે એ મારાં લખેલાં નથી. મને લખવાની એવી શક્તિ હોત તો એ મારે નામે કેમ ન છપાવત? મારે બધી વાતે સગવડ છે. માન સર્વેને વહાલું છે. કવિતા કરતાં તો મને શાસ્ત્રીએ શીખવ્યું હતું—પ્રા. કા. ની ઑફિસમાં નોકર રહ્યા પછી પ્રેમાનંદ અને વલ્લભનાં કાવ્યો ઘણી વખત વાંચવામાં આવ્યાં અને તે લખવાં તથા પ્રૂફ જોવાં-એમ ઘણી વખત વંચાવાથી તેવી ધાટીની કવિતા થાય. **મારાં લખેલાં નથી, શાસ્ત્રીનાં જ છે.** નાટકકંપનીની 'પ્લેઓ' એમણે લખેલી છે એ જગજાહેર છે. ચંદ્રકળાની નાન્દી આપણને ઉદ્દેશીને લખેલી છે. તે પણ મારી જ કહોને? ખાતરીથી માનો કે 'ત્રિમાસિક' કે 'પ્રાચીન કાવ્યમાળા'માંના કોઈ પણ ગ્રંથ મારા લખેલા નથી.[૧]"

મેં કહ્યું: "એ ગ્રંથો માટે સાક્ષરો ઘણી રીતે ઊહાપોહ કરે છે. છોટાલાલ માસ્તર પાસે હું જ્યારે જ્યારે જાઉં છું ત્યારે એ ગ્રંથો કોના લખેલા હશે એમ કહી અનેક પ્રશ્નો પૂછે છે. તમને પણ પૂછતા જ હશે!"

ઘનસ્યામ કહે: "મેં તો એમને અને અંબાશંકરને ઘણી વખત કહી જ દીધું છે કે **એ કાવ્યો શાસ્ત્રીનાં જ લખેલાં છે.**"

મેં પૂછ્યું: 'એવાં સુંદર કાવ્યો શાસ્ત્રીએ જ લખેલાં હોય તો એ પોતાના નામે કેમ ન છપાવે?'

ઘનસ્યામ કહે: "એમની પાસે નાણાંની સગવડ નહિ, તેથી રા. બ. અને દી. સા. આગળ વાત કરી કે પ્રેમાનંદ ને વલ્લભનાં કાવ્યોનો એક જગ્યાએ ભંડાર છે, તે કાવ્યો છપાવો. એમ કહી 'પ્રચીન કાવ્યમાળા' માટે સરકારી ગ્રાન્ટ મેળવી. એટલે તે વાત સાબિત કરવા તેમ કરવું પડે જ. વધુ જીવ્યા હોત તો ગમે તે યુક્તિથી પોતાના નામે પ્રસિદ્ધ કરત. પણ પૂર્વસંસ્કારે એને નાટકકંપની વળગી. તેણે જ એના પ્રાણ લીધા. નાટકકંપની માટે મારી પાસેથી લીધેલાં નાણાં હવે કોની પાસેથી લેવાં? મનમાં સમજીને બેસી રહેવું એ જ ઠીક છે."

---

૧. એક પેપરમાં વાંચ્યું હતું કે, પ્રેમાનંદને દીકરો જ નહોતો. વલ્લભ બનાવટી છે. વલ્લભ તે ઘનશ્યામ ન હોય? વગેરે લખાણ હતું તે વાત ખોટી પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રીતે હું જ્યારે જ્યારે ઘનશ્યામભાઈ પાસે જતો ત્યારે દરેક વખતે આવી જ વાતો થતી.

ઘનશ્યામભાઈ વડોદરામાં એક પ્રખ્યાત વૈદ્ય હતા. એમને બાપદાદાથી સરકાર તરફથી વર્ષાસન મળતું. સરકારે એમની પાસેથી દેશી વૈદ્ય તરીકે કામ લેવા માંડ્યું ને દેશી વૈદ્ય તરીકે કામ કરવા બીજે બદલી કરી તેથી, અને શાસ્ત્રીની મિત્રતાને લીધે એ વર્ષાસન જતું કર્યું હતું. ઘનશ્યામભાઈ પણ સારા કવિ હતા. "માસિક મજાહ"માં અને બીજાં પત્રોમાં એમની કવિતા મેં વાંચી છે. તે ઘણી ઉત્તમ છે. એમનું અવસાન સંવત્ ૧૯૭૫ માં થયું.

એમના બે પુત્રો રામનારાયણભાઈ અને અર્જુનલાલ વડોદરામાં પ્રખ્યાત વૈદ્ય છે. એ પણ એમના પિતાની પેઠે ગરીબ દર્દીઓને મફત દવા આપે છે. પ્રજામાં એમની પ્રતિષ્ઠા ઘણી સારી છે.

કલાદીપ સ્વ. શ્રી. છોટાલાલ
નરભેરામ ભટ્ટ (માસ્તર)
જન્મ : સંવત ૧૯૦૬ ભાદરવા સુદિ ૧
અવસાન : ૧૯૯૩ આશ્વિન વદિ ૨

કવિ છોટાલાલ માસ્તર મારા વેવાઈ થાય તેથી, અને મને એમણે સારસ્વત વ્યાકરણ પંચસંધિ સુધી ભણાવ્યું હતું તેથી, હું તેમને ગુરુ તરીકે માનતો. જ્યારે જ્યારે હું વડોદરા આવતો ત્યારે એમને નમસ્કાર કરવા જતો. તે વખતે મારે એમની સાથે શાસ્ત્રી સંબંધી અને પ્રાચીન કાવ્યમાળાનાં પુસ્તકો સંબંધી વાતો થયેલી તે બધી સંભારીને લખું છું. તે સાથે મારે એમની સાથે છેવટનો સમાગમ તો ટોળક જ્ઞાતિબંધુઓએ તા. ૩૧–૭–'૩૨ સંવત ૧૯૮૮ માં માનપત્ર આપ્યું હતું, તેનું નિમંત્રણ મારા પર આવ્યું હતું. તે વખતે હું અર્શના દરદથી પિડાતો હતો તેથી ગયો ન હતો. પત્ર લખીને વિરમ્યો હતો. ત્યાર પછી છએક માસે હું એમને જ મળવા વડોદરા ગયો હતો. એક દિવસ ને એક રાત એમને ત્યાં જ ગાળી હતી. પ્રથમ વ્યાવહારિક અને માનપત્ર સંબંધી ઘણી વાતો કરી હતી. માસ્તર કહે: "મને માનપત્રની ઇચ્છા ન હતી, પણ ભાઈશંકર વ્યાસે અને ગોવિંદલાલ ભટ્ટે તથા બીજાઓએ મળી મેળાવડો કર્યો હતો. તમે આવ્યા હોત તો સારું થાત." મેં કહ્યું કે, "હું આવ્યો હોત તો આપનો બધો ઇતિહાસ કહેત. તમારાં બીજી વારનાં લગ્ન થયાં, ત્યારથી તમારો બધો ઇતિહાસ જાણું છું. તમારી ભરૂચ જિલ્લાની નોકરી સંબંધે પણ મને આમોદ અને બૂવાથી ઘણું જાણવાનું મળ્યું છે. વળી એમ પણ કહેત કે પ્રાચીન કાવ્યનાં ઘણાં કાવ્યો તમારાં લખેલાં છે." એ સાંભળી તેઓ હસ્યા. પછી તો શાસ્ત્રી સંબંધી અને પ્રાચીન કાવ્ય સંબંધી ઘણી વાતો કરી હતી. મેં પણ છેલ્લો નિર્ણય જાણવા માટે જ ઘણા પ્રશ્નો પૂછ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસ્તરે કહ્યું : "નાથાશંકર વધુ જીવ્યા હોત તો સાહિત્યમાં ઘણો વધારો થાત. એ એક સારા કવિમાં ખપત."

મેં કહ્યું : "કવિ થવાનું એમનું શું ગજું ? કવિ તો આપ છો. આપે ઘણાં શાસ્ત્રોનું અવલોકન કર્યું છે. સંસ્કૃત, હિન્દી, ઉર્દૂ, અંગ્રેજી વગેરે ભાષાઓ જાણો છો, ને ઘણાં કાવ્યો રચ્યાં છે. નરસિંહરાવ 'પ્રેમાનંદનાં નાટકો' એ લેખમાં કહે છે કે પ્રેમાનંદના નામે કોઈ ચરોતરિયાએ નાટકો અને કાવ્યો રચ્યાં છે. ચરોતરિયા તો આપ છો, તો શાસ્ત્રીના અવસાન પછી તમે કેમ લખ્યાં નહિ ?"

માસ્તરે કહ્યું: 'માર્કણ્ડેયપુરાણ' મારું રચેલું છે ? એ બાબત તો તમે પણ જાણો છો જ. ભાષાની પરીક્ષા કરતાં નરસિંહરાવને આવડે છે. ઉપલકિયા જોનારા ગમે તેમ બોલે."

મેં કહ્યું : "માર્કણ્ડેયપુરાણ આપના ભાષાન્તર ઉપરથી લખેલું છે, એ વાત તો નક્કી જ છે; પણ એમને કવિત્વશક્તિ શી રીતે પ્રાપ્ત થઈ એમાં શંકા રહે છે, કારણ કે એમનો વધુ અભ્યાસ ન હતો.

માસ્તરે કહ્યું : "આપણે તો, અને તેમાં તમો તો ખાસ, પુનર્જન્મ માનનાર છીએ. તે મુજબ પુર્નજન્મનો અભ્યાસ દૈવવશાત્ ખીલી આવ્યો. ઘણા અભણ કવિઓએ સારાં સારાં કાવ્યો બનાવેલાં છે. એવાઓને કોઈનો થોડો પ્રસંગ મળતાં વધુ જ્ઞાન પ્રાપ્ત થાય છે. પછી તે યોગ, સાંખ્ય, ભક્તિનું, કે કવિનું: ગમે તેનું હોય તે ઝટ પ્રાપ્ત થાય છે. તેમ જ શાસ્ત્રીનું પણ છે. શાસ્ત્રી ઘણી વખત છંદોનાં માપ મને પૂછતા હતા ને હું એમને પિંગળ મુજબ બતાવતો. તે માપનો છંદ કરી મને બતાવતા. તેમાં તાલ માત્રાની ભૂલ હોય તો તે હું બતાવતો. એમનામાં ગ્રહણ કરવાની શક્તિ અને સ્મરણશક્તિ અગાધ હતી. 'દ્રૌપદીહરણ' કાવ્યના વિવેચન વખતે એ કડવું કયા છંદનું છે તે ઘણી વખત એ જ કહેતા હતા."

મેં કહ્યું: "'દ્રૌપદીહરણ' તો બૃહત્ કાવ્યદોહનમાં છપાવ્યું છે. તેની બીજી પ્રત ઇચ્છારામભાઇએ નંદરબારમાંથી મેળવી છે એમ લખે છે એટલે એ તો પ્રેમાનંદનું જ છે એમ સાબિત થાય છે. અને આપના બોલવાનો ભાવ એમણે રચ્યું હોય તેમ નીકળે છે."

માસ્તરે કહ્યું: "એમ લખી પ્રકટ કરે તેનું નામ સાક્ષર ! 'દ્રૌપદીહરણ'ની બીજી પ્રત ઇચ્છારામભાઈ કહે છે તે તો **છગનલાલ મોદીએ કે ઇચ્છારામભાઈના બીજા કોઈ મિત્રે વચલી પોળવાળા લલ્લુભાઈ વહાલાભાઈ જાનીને મહેનતાણું આપી, છાપેલા ઉપરથી જૂના અમદાવાદી કાગળના ચોપડા ઉપર ઉતરાવી હતી** તેજ એ પ્રત છે. તેમ જ **'માર્કણ્ડેય પુરાણ'ની બીજી પ્રત** નવાપરા—**ખાનદેશથી મળેલી લખે છે, તેનું પણ તેમ જ છે.** આ વાત મેં હરગોવિંદદાસને કહી હતી. તેમણે એ પ્રત જોવા માટે ઇચ્છારામભાઈને પત્ર લખ્યો હતો, પણ તેનો ઉત્તર જ નહોતો આપ્યો, એમ મને રા. બ.એ કહ્યું હતું."

મેં કહ્યું : "આપે લખેલા 'રસશાસ્ત્ર'માંનાં ચિત્રકાવ્ય ને 'દ્રૌપદીહરણ'નાં ચિત્રકાવ્ય મળતાં આવે છે તેથી એ કાવ્ય તમારું લખેલું હોય એમ ઘણા શંકા કરે છે."

માસ્તરે કહ્યું : "જેને ભાષાનું જ્ઞાન નથી તે ભલે કહે, ને તમે પણ તેમ માનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના એકાક્ષરી છંદ માટેની વાતમાં તમે પણ તે દિવસે હાજર હતા. બીજે દિવસે તેનો અર્થ નાથાશંકરે પેલી છૂપી બાઈ પાસેથી લાવી આપ્યો એ શું સૂચવે છે તે વાત યાદ કરો. 'દ્રૌપદીહરણ' મારું લખેલું નથી. એમણે મહાભારત ઉપરથી લખેલું છે. પ્રેમાનંદ કે વલ્લભની મૂળ પ્રતો જગતમાં મનુષ્યોના જોવામાં નહિ આવે ત્યાંસુધી એવા અનેક પ્રકારના તર્કવિતર્કો થવાના જ."

મેં કહ્યું : "આપે 'રસશાસ્ત્ર' સાથે 'ખલકખેલ બાવની' રચીને પ્રકટ કરેલી છે. તેમાં 'ખલકખેલ બાવની'ના મનહરની ને પ્રેમાનંદ-સુત વલ્લભના મનહરની ધાટી એકસરખી આવે છે. તેથી ઘણા વલ્લભનાં કાવ્યો પણ તમે બનાવેલાં હોય એમ શંકા કરે છે."

માસ્તરે કહ્યું: "દલપતરામના મનહર પણ એવા જ છે. તેમને માટે તમો શંકા કેમ કરતા નથી? તમોને ભાષાનું જ્ઞાન બરોબર નથી તેથી જ કહો છો. "ખલકખેલ બાવની" તો વસોના મગનલાલની લખેલી છે." એમ કહી હસ્યા. પછી કહ્યું કે "**પ્રેમાનંદ કે વલ્લભનાં કાવ્ય મારાં લખેલાં નથી, એમ ખાતરીથી માનો.**"[1]

મેં કહ્યું : "આપે વેદાંતશાસ્ત્ર ને યોગશાસ્ત્ર ઉપર પુસ્તકો રચ્યાં છે. શાન્તિસુધા આદિકમાં તથા વૈરાગ્ય નિરૂપણમાં જ્ઞાન, વૈરાગ્ય, ને ભક્તિનું નિરૂપણ કર્યું છે. તેમ જ **વૈરાગ્યબોધ કાવ્ય** (ત્રિમાસિક) ને ધીરાની કાફીઓની ટીકા પણ તમે કરી છે. તે જોતાં, અને 'પ્રાચીન કાવ્યમાળા'નું '**અષ્ટાવક્રાખ્યાન**' જે વેદાંત, વૈરાગ્ય અને જ્ઞાનનો ખાસ ગ્રંથ છે તેની પણ તમે જ ટીકા લખી છે તે વાંચતાં, જાણે તમો તે વખત હાજર હો ને લખો તેમ લખાયેલી છે. તેથી ઘણા એમ માને છે કે 'અષ્ટાવક્રાખ્યાન' તો તમારું જ લખેલું છે."

આ વખતે કોડીપોળવાળા ભાઈશંકર વ્યાસ માસ્તરના અને નાથાશંકરના મિત્ર ને મારા વેવાઈ મને મળવા આવ્યા હતા. તેમણે કહ્યું કે, "**હૈયામાં હોય તે હોઠે આવે. પ્રેમાનંદથી કે નાથાશંકરથી પણ એવું ન લખી શકાય. તમારું જ લખેલું છે. તમારા વેદાંતજ્ઞાનનો પ્રતાપ છે.**"

માસ્તરે કહ્યું કે, "આ તમારો વેવાઈ કહે છે કે તમો તો શુષ્ક વેદાંતી છો, એ વાત ખરી ઠરી. નિશ્ચળદાસજીના લખેલા 'વિચારસાગર' ઉપર પીતામ્બરદાસે ટીકા લખી તેથી શું 'વિચારસાગર' લખનાર નિશ્ચળદાસજી નહિ? અને પીતાંમ્બરદાસને માનવા? નાથાશંકરે મહાભારત, શ્રીમદ્ ભાગવત અને યોગવસિષ્ઠ રામાયણ ઘણા વખત વાંચ્યાં હતાં. એવા બહુશ્રુત લખી શકે એમાં નવાઈ નથી. વ્યાસ! નક્કી માનો કે **એ મારું લખેલું નથી તેમ જ તેની કોઈ હસ્તલિખિત પ્રત નથી.**"

મેં કહ્યું : "નરસિંહરાવભાઈએ 'પ્રેમાનંદનાં નાટક'વાળા લેખમાં 'અષ્ટાવક્રાખ્યાન' માટે **ઘણી ટીકા કરી** છે."

માસ્તરે કહ્યું કે, "તે **યથાર્થ** છે."

---

૧. કોઈએ હિતવર્ધક માસિક વર્ષ ૧લાના પાંચમા અંકમાં ને ગુજરાતી અઠવાડિકમાં તા. ૨૯-૧૦-'૩૩ અને ૨૨-૯-'૩૪ ના લેખમાં જણાવ્યું છે કે "દ્રૌપદીહરણ" અને નાટકો પ્રેમાનંદનાં નથી પણ છોટાલાલ કવિનાં છે એમ લખે છે. તે ખોટું કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું : "ચરોતરિયાએ લખેલાં છે એમ કહે છે તો ચરોતરિયા તો તમે જ છો ને ? નાટકો ચરોતરિયા ભાષાનાં ઠરાવે છે તેથી કેટલાક તમારાં લખેલાં માને છે."

માસ્તરે કહ્યું : મેં **પ્રિયદર્શિકા** અને **ચંડકૌશિક** એ બે નાટકો નાટકકંપનીમાં ભજવવા માટે લખી આપ્યાં હતાં, તે તો તમે જાણો છો જ. તેમાં અને આ નાટકોમાં કેટલો ફેર છે તેની તુલના કર્યા વગર તમો કે બીજા કહેતા હોય તે ભલે કહે. એ મારાં રચેલાં નથી."

મેં કહ્યું : "તપત્યાખ્યાન તો રાજકોટમાં નાટક કંપની હતી ત્યારે લખી મોકલ્યું હતું. હું વડોદરાથી રાજકોટ ગયો ત્યારે એક પુસ્તક સારા નાગરિક અક્ષરોથી મધ્યે રંગના સાથિયાઓ પાડી લખેલું ઘનશ્યામભાઈએ મારી સાથે મોકલ્યું હતું. તે મેં ગાડીમાં છોડી વાંચ્યું હતું, પણ કોનું લખેલું તે નક્કી થયું ન હતું. **શાસ્ત્રીએ મને રાજકોટમાં કહ્યું હતું કે કવિ શ્રીનિવાસે સંસ્કૃતમાં આ નાટક રચ્યું છે તે ઉપરથી કવિ સવિતાનારાયણે રચ્યું છે. તે ભજવી શકાય તેમ નથી. તેના ઉપરથી ભજવી શકાય તેવી રીતે હું લખું છું.** તેમાં તમે શંકા ન કરશો ને બીજાને કહેશો પણ નહિ. એથી 'તપત્યાખ્યાન' માટે તો શંકા નથી. પણ બીજાં એ માટે તો શંકા છે જ."

માસ્તરે કહ્યું : "મહાભારત અને બીજાં શાકુન્તલ વગેરે નાટકો વાંચવાથી શાસ્ત્રીએ 'તપત્યાખ્યાન'ની પેઠે લખી દીધાં હોવાં જોઈએ. નાટકકંપની માટે શાસ્ત્રીની લખેલી 'શ્લેઓ' તમે વાંચી નથી ? શું એ 'શ્લેઓ' મેં લખી આપી છે ? 'ચંદ્રકળા' નાટકની નાન્દીમાં તો એમના જ દુઃખની વાત લખી કાઢી છે. કયો મનુષ્ય એ 'શ્લેઓ' વાંચી એમની કાવ્યશક્તિથી રાજી નહિ થાય ? અને વાંચીને ધન્યવાદ નહિ આપે ? એવાં એવાં સુંદર નાટકો મેં લખ્યાં હોય તો મારે નામે જરૂર પ્રસિદ્ધ કરું. નરસિંહરાવે ટીકા કરી છે તે બરોબર છે. મેં વાંચી છે. કેટલીક વાત આવેશમાં વધુ પણ લખાયેલી છે; કે. હ. ધ્રુવના લેખ ઉપર કટાક્ષ પણ છે."

મેં કહ્યું : "નરસિંહરાવે 'ત્રિમાસિક-પ્રાચીન કાવ્ય'ના--ઋષ્યશૃંગાખ્યાન માટે પણ આધુનિક ભાષા છે એવી ઇશારત કરી છે. વળી એક સાક્ષર સારા સજ્જન ત્રિમાસિક પ્રાચીન કાવ્યના—ચંદ્રહાસ આખ્યાન, હારમાળા, લક્ષ્મણાહરણ, સુરતસંગ્રામ, ઋષ્યશૃંગાખ્યાન, હસ્તામલક (કવિ ભાણદાસ), નવરસ (નારાયણદાસ) અને શિવગીતા એ ગ્રંથોના— રચનાર માટે શંકા છે, એમ કહેતા હતા."

માસ્તરે કહ્યું : "**ચંદ્રહાસ આખ્યાન** ઘણા કવિઓએ રચ્યાં છે તેથી શંકા કરે છે. પણ એ ભાષા અને રસની મીઠાશ ને કૃતિ પ્રેમાનંદની છે. હારમાળા નરસિંહ મહેતાની છે, પણ તેમાં ક્ષેપક પદો વધારેલાં છે તે પ્રેમાનંદ કે બીજાનાં હશે. **સુરતસંગ્રામ નરસિંહ મહેતાનું નથી, પ્રેમાનંદનું કરેલું સિદ્ધ થાય છે. બીજાં કાવ્યો માટે મને પણ શક છે.**

'ઋષ્યશૃંગાખ્યાન'માં પ્રેમાનંદની ભાષા કે કૃતિ નથી. રસની જમાવટ સારી છે પણ ઘણા શબ્દો આધુનિક ભાષાના છે. નરસિંહરાવની શંકા સાચી છે. હસ્તલિખિત મૂળ પ્રત ન જોવામાં આવે ત્યાં સુધી રચનાર માટે શંકા રહેવાની જ.

'હસ્તામલક' હું ભરૂચ જિલ્લામાં હતો ત્યારે લખ્યું હતું તે ચોપડી નાથાશંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈ ગયા હતા. મારા લખેલામાં અને છપાયેલામાં ઘણો ફેરફાર છે. પણ વેદાંતજ્ઞાનની વાત મળતી આવે છે. વખતે તે ઉપરથી જ શાસ્ત્રીએ લખ્યું હોય ! —

'નવરસ' વખતે મારા લખેલા 'રસશાસ્ત્ર' ઉપરથી લખ્યું હોય તેમ શંકા છે. જે રસ માટે રસશાસ્ત્રમાં ગૌણતા છે તે એમાં પણ છે. ટીકા મારી કરેલી છે. શાસ્ત્રીની લખેલી એક જ પ્રત હતી. એ બાબત મેં ટીકામાં ઇશારત પણ કરી છે.

'શિવગીતા' મેં અચલેશ્વરમાં પદ્મપુરાણ ઉપરથી 'શંકરાનંદીગીતા' ટૂંકામાં લખી હતી. તે ચોપડી નર્મદાશંકર લઈ ગયા હતા. પણ તેમાં અને છપાઈ છે તેમાં ઘણો ફેર છે. ઘણું વધારેલું છે. ભાષા તો આધુનિક જ છે. તેમ જ મને પ્રા. કા. માંની **ભગવદ્-ગીતા** માટે પણ શક છે."

ભાઈશંકર વ્યાસે કહ્યું : " ભરૂચના અદ્વૈતાનંદના શિષ્ય ભૂખણની લખેલી ભગવદ્ગીતા મારા વાંચવામાં આવી હતી."

માસ્તર કહે : " મેં પણ ભરૂચમાં વાંચી હતી. એમની સાથે રહી મેં 'વિચાર-સાગર' વાંચ્યો હતો. એ ગીતા-ભાષાંતરમાં અને આ છપાઈ છે તેમાં ફેર છે. ભગવદ્ગીતાનાં ભાષાંતર ઘણાએ કર્યાં છે."

ભાઈશંકર વ્યાસે કહ્યું: "આ શુક્લજી સાથે તમોને અમો ઘણા વખત મળ્યા છીએ તે વખતે તમે આવી વાતો કરી નથી. આજે તો નાથાશંકરની બધી વાત કહી. મને વેદાંત સિવાય બીજું વાચન વાંચવું ગમતું નથી. ફક્ત 'અષ્ટાવક્ર'જ વાંચ્યો હતો. શાસ્ત્રીએ ઘણું કર્યું. એણે જ આ ગ્રંથો લખ્યા હોય તો એની કવિત્વશક્તિ માટે ધન્યવાદ આપવો જોઈએ. હું મહેસાણા હતો ત્યારે મેં પણ હરગોવિંદદાસ મારફતે એ હસ્તલિખિત પુસ્તકો મોકલી આપ્યાં હતાં."

પછી મને કહે : " શુક્લજી, હવે ચાલો ! તમોને આવેલા જાણી તમારી દીકરીઓ રાહ જોઇ રહી છે." પછી હું અને વ્યાસ માસ્તરને પ્રણામ કરી ચાલ્યા. મહેતાપોળે મારી દીકરીઓને મળી, કોઠીપોળે રાત રહી, બીજે દિવસે ઝાડેશ્વર ગયો. આવી વાતો તો જ્યારે જ્યારે હું એમને મળતો ત્યારે ઘણી વખત થઈ હતી.

છોટાલાલ માસ્તર પ્રખર વિદ્વાન, સારા લેખક અને કવિ હતા. એમના વખતમાં એચાર માસિકો એમની સહાયથી જ ચાલતાં હતાં. લોકોમાં અને ઑફિસરોમાં સારી પ્રતિષ્ઠા મેળવી હતી. એમણે ઘણો ભાગ ભરૂચ જિલ્લામાં અને પછી ખેડા જિલ્લામાં ને છેલ્લે ગાયકવાડી રાજ્યમાં નોકરી કરી હતી.

એમણે જ્યાં જ્યાં નોકરી કરી છે ત્યાંના લોક હજી પણ તેમને યાદ કરે છે. ભાષા અને અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવા ઘણા વિદ્વાનો અને પંડિત પુરાણીઓ સાથે ગુરુભાવ રાખી તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરતા. દ્વારકાના શંકરાચાર્ય મહારાજશ્રી શાન્ત્યાનંદને પોતાને ત્યાં રાખી બ્રહ્મસૂત્ર અને તે ઉપરનું ભાષ્ય ભણ્યા હતા. દરેક જગ્યાએથી જે જે પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થાય તેની સરળ લખાણની પોતાની લખેલી નોટો એમની પાસે હતી. તે એક મને બતાવી હતી. એમના લેખો કવિતાઓ—નાનાં મોટાં કાવ્યો—એ બધું લખતાં એક મોટું પુસ્તક થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામદાર મહારાજા સયાજીરાવે એમની કીર્તિ સાંભળી એમને **"કલાદીપ"** એવી પદવી—ઇલકાબ આપ્યો હતો.

એ દર્શનીય પુરુષનું અવસાન ૮૭ વર્ષની ઉમરે સંવત્ ૧૯૯૩ ના આસો વદિ બીજે થયું હતું. પરમાત્મા એમના આત્માને પરમ શાંતિ આપો.

એમના ચાર પુત્રમાં મોટો પુત્ર કેશવલાલ વિધુર છે. પ્રજા નથી. બીજા પુત્ર મોહનલાલ પેન્શનર છે. સારી પ્રજાવાળા છે. ત્રીજા પુત્ર ગણપતરાય કલાભવનમાં નોકર છે ને પ્રજાવાન છે. ચોથા પુત્રનું અવસાન થયું છે. તેમને બે પુત્ર છે.

એક વખત અંબાશંકર વૈદ્ય મને કહેતા હતા કે, "મારા આગ્રહથી માસ્તરે પોતાનું બધું જીવનવૃત્તાંત લખ્યું છે. તે વાંચવા જેવું છે. જો તે એમના પુત્રો પાસે હોય તો તે છપાવી બહાર પાડવા મારી તેમને નમ્ર વિનંતી છે."

ભટ્ટ સાહેબ! મેં અત્યાર સુધી પ્રેમાનંદનો પક્ષ ગ્રહણ કરી ઘણાને એ પ્રેમાનંદનાં જ છે એમ સમજાવવા યત્ન કર્યો હતો. પણ હવે એ જ નિર્ણય ઉપર આવ્યો છું કે એ શંકાવાળાં કાવ્યો નાથાશંકર શાસ્ત્રીનાં લખેલાં છે, કારણ એ પ્રેમાનંદનાં કાવ્યોનો હસ્તલિખિત ભંડાર ક્યાં છે? પ્રેમાનંદનું ત્રણ લાખ કડીનું મહાભારત અને તેમનાં અગિયાર નાટકો ક્યાં ગયાં? વલ્લભના નવે રસના નવ ગ્રંથ અને વલ્લભ-ઝઘડો અને નાટકો—એ બધું ક્યાં ગયું? નાથાશંકર શાસ્ત્રી પરમાત્માને બતાવવા સાથે લઈ ગયા!!! આ જગતમાં તેની ખોળ કરતાં થાકેલા હરગોવિંદદાસ, કવિ છોટાલાલ, ઘનશ્યામભાઈ અને અંબાશંકર વૈદ્ય તથા બીજા સાક્ષરો શંકાશીલ મનથી પરમાત્માની હજૂરમાં ગયા છે. તેમને હવે ત્યાં નાથાશંકર શાસ્ત્રી ખુલાસો કરશે!!

જો એમ જ છે તો એ કાવ્યો નાથાશંકર શાસ્ત્રીનાં લખેલાં છે એમ કહી મારા મિત્ર શાસ્ત્રીને ધન્યવાદ આપી વિરમું છું. ગુજરાતી સાહિત્યમાં એમણે ઘણો વધારો કર્યો છે, એ નિર્વિવાદ છે. પરમાત્મા એ સર્વના આત્માને પરમ શાન્તિ આપો.

ॐ तत्सत् श्रीकृष्णार्पणमस्तु ।

નાથાશંકર શાસ્ત્રીની પ્રવૃત્તિ ૫ મી

આ જગતને પરમાત્મા ઉત્પન્ન કરે છે અને તેને પાછું લય પણ તે જ કરે છે; તેમ જ પરમાત્માને આ જીવાત્મા પાસે જેટલું કામ કરાવવું હોય તેટલું કરાવી તેને પોતાના સ્વરૂપમાં ખેંચી લે છે; પણ જગતને વા કુદરતને લય કરવામાં કોઈ કારણ તો હોય જ. એ પણ કુદરતના (પ્રભુના) ઘરનો નિયમ છે. તે પ્રમાણે નાથાશંકર શાસ્ત્રીને "ભરત નાટયોદ્ધારક નાટક કંપની" એ નામની પિશાચી વળગી તેનાથી જ શાસ્ત્રીનું અવસાન થયું. જેણે જીવતાં જ નરકનું દુઃખ જોવું હોય તેણે માલિક બની નાટકકંપનીમાં રહેવું. નાથાશંકર શાસ્ત્રીએ દોઢ વર્ષ કરેલા તપના ફળ વા પૂર્વપ્રારબ્ધના ફળનો ઉદય થયો તેનો ઉપયોગ ધન અને કીર્તિ પ્રાપ્ત કરવામાં કર્યો; પણ એ તપનો ઉપયોગ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં કર્યો હોત તો એમના આત્માને પરમ શાશ્વત સુખ પ્રાપ્ત થાત.

અંગ્રેજી નાટકોમાં ઘણે ભાગે જેમ આખરે સર્વ પાત્રોનો નાશ કરવાનો દેખાવ કરે છે તેમ આ પાંચમી પ્રવૃત્તિના લેખમાં ધ્રૂજતી કલમે અશ્રુભીની આંખે લખું છું:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રીના તપના સૂર્યનો પ્રકાશ પ્રાચીન કવિઓનાં કાવ્યોનો પુનરુદ્ધાર કરવામાં, સજ્જનો-નો સંગ, પ્રાચીન ત્રિમાસિક કાવ્ય, કેળવણી માસિક, ઘણા નફાવાળું વીરક્ષેત્ર મુદ્રાલય છાપખાનું, અને પ્રાચીન કાવ્યમાળાના ગ્રંથોથી ગુજરાતના સાક્ષરવર્ગમાં પ્રકાશી રહ્યો હતો, તેજ વખતે સૂર્ય ઉપર વાદળ છવાયાં, તે

"ભરત નાટ્યોદ્ધારક નાટક કંપની."

એની ઉત્પત્તિ સંવત્ ૧૯૪૮ માં થઈ. મુંબઈના તુલસીદાસ ધનજી નામના એક ભાટિયાની "આર્યનીતિ નાટક કંપની" મરણદશામાં વડોદરામાં આવી હતી. તે હરિભ-ક્તિના ઘાસની ગંજીવાળા ડેલામાં ખેલો કરતી હતી. તેમાં એક દિવસ "મૃચ્છકટિક" નાટકનો ખેલ હતો. તે જોવા શાસ્ત્રી એક દિવસ એમના મિત્રમંડળ અને છાપખાનાના માણસો સાથે ગયા. મૂળ એ નાટકની રચના જ સારી, અને તેમાં વસંતસેના અને ચારુદત્તના પાત્રની હાવભાવરૂપ ઍક્ટિંગ વખાણવા લાયક હતી. તે દિવસે પ્રેક્ષકવર્ગથી હાઉસ પણ ચિકાર ભરાયેલું હતું. તે બધું જોયું. શાસ્ત્રી ધન અને કીર્તિના લોભી હતા જ તેથી, અને તે વખતની બીજી નાટકકંપનીઓ ભવાઈ જેવા વેશ ભજવતી હતી તેનાં નાટક જોવામાં આવેલાં તેથી, અને પ્રાચીન ભરત મુનિના નાટ્યશાસ્ત્રના આધારે નાટકો લખાય અને તે ભજવાય એમ પણ એમના મનમાં હતું તેથી, એમને નાટકકંપની સ્થાપવાની ઇચ્છા થઈ. બીજે દિવસે એ નાટક કંપનીનો મૅનેજર હેન્ડબિલ છપાવવા છાપખાનામાં આવ્યો હતો, તેને એની નાટકકંપની સંબંધી બધી વાત પૂછી. તેણે કહ્યું કે, "મારી નાટક કંપનીના ઉર્દૂ ખેલો અહીં પાસ ન પડવાથી ખોટનો ધંધો કરીએ છીએ. નાણાં વગર વખતે કંપની તૂટી જશે." શાસ્ત્રીએ કહ્યું, "તમો કોઈ સૌથે ભાગમાં રહી કામ કરશો? તમારી કંપનીની કીમત જેટલો તમારો ભાગ ગણાય; અને બાકીના ભાગવાળા પોતાના ખેલો ભજવે, અને કંપનીનું નામ બદલવું પડે." તે વાત તુલસીદાસે કબૂલ રાખી.

શાસ્ત્રીએ શેર કાઢી કંપની સ્થાપવાનો વિચાર કરી અઢીસો અઢીસોના શેર લેવા પોતાના મિત્રોને જણાવ્યું. ગયા વરસમાં છાપખાનાનો નફો સેંકડે ૧૪૯ ટકાનો વહેંચા-યેલો હતો. તેથી એક જ દિવસમાં ચાળીસ શેર ભરાઈ ગયા. દશ હજારના ભંડોળથી નાટક-કંપની ચલાવવાનો વિચાર–નિશ્ચય–કર્યો.

થોડા દિવસ પછી સુરસાગર ઉપર હાલ જ્યાં સિનેમા છે ત્યાં આગળ કામચલાઉ થાંભલા, વળી, વાંસથી થિયેટર જેવું બંધાવી તેમાં નાટક ભજવવાની શરૂઆત કરી.

પ્રથમ કવિ છોટાલાલ ભટ્ટે પ્રિયદર્શિકા નાટિકાનું અને ચંડકૌશિક નાટકનું ગુજરાતી ભાષાંતર કરેલું, તેમાં પાછળના સીન ગોઠવવા કવરના પ્રવેશ નહોતા તેથી તેમાં કેટલાક ફેરફાર કરી, એક માસ સુધી રિહર્સલ કરાવી (દરેકને પોતાને બોલવાનું ભાષણ મુખપાઠ કરાવી તથા હાવભાવ—ઍકટિંગ—શિખવાડી) ઍકટરો તૈયાર કર્યા—ખેલ શરૂ કર્યા.

પ્રેક્ષકવર્ગમાં ઘણો ભાગ અભણ તેથી એ ખેલો પાસ ન પડ્યા. રાણી રાજાને "આર્યપુત્ર!" કહી બોલાવે ત્યારે અભણવર્ગ એમ કહે કે "આ એનો દીકરો છે," અને રાજા રાણીને "દેવી" કહીને બોલાવે ત્યારે સમજે કે "આ એની મા છે." એમ બેઉ નાટક પ્રેક્ષકવર્ગને પાસ ન પડ્યાં; તેથી ઍક્ટરોનું ખાધાખર્ચ અને પગાર પૂરો કરવા ઉર્દૂ ખેલો શરૂ કર્યા; કારણ કે ઘણા ઍક્ટરો મુંબઈ ઉર્દૂ નાટક કંપનીમાંથી વધુ પગાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી આણેલા હતા. તેમને ઉર્દૂ ખેલોની પ્લેઓ મોઢે હતી. શાસ્ત્રીએ બીજી કંપનીની પ્લેઓના આધારે ફેરફાર કરી, મહિયારી અને ગોપીચંદ, એ બે નાટક લખ્યાં; અને તેનું રિહર્સલ કરી, તે સ્ટેજ ઉપર ભજવી બતાવ્યાં અને તે પ્રેક્ષકવર્ગને પાસ પડયાં.

એ અરસામાં દી. બ. મણિભાઈ સાહેબને ત્યાં વિવાહ હતો; તેથી નાટકકંપની પેટલાદ લઈ ગયા. ત્યાં વિવાહમાં આવેલાં મહેમાનો માટે ત્રણ ખેલ કરી કંપની અમદાવાદ લઈ ગયા. ત્યાં બે ખેલ ગુજરાતી અને બીજા બે ઉર્દૂ ભજવી બતાવતાં માંડ માંડ ખર્ચ પૂરું કર્યું.

વાચકવૃંદ યાદ રાખશે કે કોઈ પણ નવો ખેલ (નાટક) ભજવી બતાવવો હોય તો ઓછામાં ઓછા ચાર માસ રિહર્સલ ચલાવવું પડે. નાટકકંપનીમાં જે જે સિનેરી હોય તે ઉપરાંત નવા ખેલ માટેની સિનેરી (પડદા) અને પાત્રોનો તેવો જ ડ્રેસ વગેરે તૈયાર કરતાં ઓછામાં ઓછો પંદરસો રૂપિયાનો ખર્ચ થાય અને તેમ થતું હતું.

શાસ્ત્રીએ અમદાવાદમાં રહી "રાધાવિલાસ" નાટકની પ્લે પ્રેમાનંદના દશમ સ્કંધ–ભાગવત અને દયારામના "રાધાવિલાસ" ઉપરથી લખી હતી. અમદાવાદથી સંવત્ ૧૯૪૮ ના જેઠ માસમાં ભાવનગર ગયા. ચોમાસું ત્યાં જ ગાળ્યું. થિયેટર નહોતું માટે કાચા મંડપ ઉપર ઢાંકવા પંદરસો રૂપિયાની ટાટપત્રીઓ મુંબઈથી ખરીદી લાવી ચોમાસું ગાળ્યું હતું. ભાવનગરમાં "રાધાવિલાસ"નો ખેલ ઘણા દમામથી શરૂ કર્યો, તે પ્રેક્ષકવર્ગને પાસ પડયો. બે ત્રણ દરબારી ખેલો પણ થયા હતા. ભાવનગરમાં માંડ ખર્ચ પૂરું થયું હતું. ભાવનગરની કેટલીક વાત પ્રથમ લખી છે.

ભાવનગરથી નાટકકંપની સંવત્ ૧૯૪૯ ના કારતક માસમાં રાજકોટ લઈ ગયા. ત્યાં પણ પાકું થિયેટર ન હતું, માટે મોભ, વાંસ, વળી ભાડે લાવી બાંધ્યું હતું. રાજકુમાર કોલેજને લીધે તથા એક બે સાક્ષર શાસ્ત્રીઓની સહાયથી શાસ્ત્રી ઠીક ઠીક કમાયા હતા.

શાસ્ત્રીએ રાજકોટમાં રહી "તપત્યાખ્યાન" નાટક વડોદરા લખી મોકલ્યું હતું; અને નાટક કંપની માટે "ચિત્રસેન–ચંદ્રિકા"ની પ્લે લખી હતી. રાજકોટથી વઢવાણ અને ત્યાંથી પોરબંદર થોડોક વખત રોકાઈ, આગબોટમાં સમુદ્રમાર્ગે સંવત્ ૧૯૪૯ ના માઘ માસમાં કરાંચી ગયા. ત્યાં પાકું થિયેટર હતું. કરાંચીમાં કંઈક સારું કમાયા. ત્યારે ત્યાંથી ફર્નિચર—ખુરશીઓ, બાંકડા, અને સિનેરી—વગેરે ખરીદવામાં બે હજાર ખરચ્યા. ફુવારા સાથે બાગનો સીન જ પાંચસો રૂપિયાનો હતો. કરાંચીમાં ત્રણ માસ જ રહ્યા હતા. ત્યાંથી સમુદ્રમાર્ગે કચ્છ માંડવી આવ્યા હતા. ત્યાં બે માસ રહ્યા હતા. અહીં રાધાવિલાસના ખેલ માટે અને ફાંસીના સીન માટે કેટલીક ઉપાધિ પણ થઈ હતી. ત્યાંથી જેઠ માસમાં ભુજ ગયા. ભુજમાં વાવાઝોડા અને વરસાદથી કેટલુંક નુકસાન થયું હતું. ત્રણ ખેલ સરકારી રાજવાડામાં થયા હતા. દરબારમાં કોઈનું મરણ થવાથી ખેલ બંધ થયા હતા. ત્યાંથી મુદ્રા ગયા. ત્યાં તો સ્ત્રિયારાજ્ય હતું. માંડવીમાં ગોસ્વામીના મંદિર તરફથી રાધાનું પાત્ર મુસલમાન છે માટે ખેલ જોવો નહિ કહી વૈષ્ણવોની બંધી હતી, તે મુદ્રાની સ્ત્રીઓએ તોડી ખેલ જોયો.

મુદ્રાથી સંવત્ ૧૯૫૦ના કારતક માસમાં વહાણમાં બેસી જામનગર ગયા. તે વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજા સાહેબ જામ વિભાજી રાજ્યગાદીએ હતા. એક માસમાં નાટકકંપની સારી છે એ વાત ફેલાયા પછી મહારાજા વિભાજી સાહેબે થોડે થોડે આંતરે ત્રણ ખેલ જોયા હતા. પ્રથમ ખેલ થયો ત્યારથી આખી નાટકકંપનીનું ખાવાખર્ચ દરબારી મોદીખાનામાંથી કંપની રહી ત્યાંસુધી મળ્યું હતું. દરબાર તરફથી અને કહેવાતા કુંવરો તરફથી સારી રકમ મળી હતી. શાસ્ત્રી થોડા વખત રહી વડોદરે ગયા હતા; અને હું અને અંબાશંકર જામનગર રહ્યા હતા.

જામનગર ખાતે લગભગ ચાર માસ રહ્યા પછી કંપની વઢવાણ અને વીરમગામ થોડું થોડું રહી વૈશાખ માસમાં વડોદરા આવી. વડોદરામાં દરજીવાડીમાં કામચલાઉ છાપરાં ઉપર પતરાં નાખી નાટકો ભજવવાનું કામ શરૂ કર્યું.

શાસ્ત્રીએ જામનગરથી જ " સૂર્યપ્રભા " અને " ચંદ્રકળા " એ બે નાટકો લખવાનો આરંભ કર્યો હતો. તે પ્લેઓ પૂરી કરી, તેનું રિહર્સલ કરાવી એ બે ખેલો વડોદરામાં સ્ટેજ પર ભજવી બતાવ્યા. તે પ્રેક્ષકજનોને પસંદ પડ્યા હતા. નામદાર સયાજીરાવ મહારાજા સાહેબને એ બે ખેલો મકરપુરા જઈ બતાવ્યા હતા. વડોદરામાં નાટકકંપનીનું ખર્ચ ચોમાસું હોવાથી માંડ માંડ પૂરું થયું હતું.

આ અરસામાં શાસ્ત્રીના મોટા પુત્ર ચંદ્રશંકરનું લગ્ન માતર થયું હતું. નાટકકંપની, છાપખાનાના મુખ્ય માણસો, અને સગાં મિત્રોને જાનમાં લઈ ગયા હતા. ત્યાં રસરોટલીના જમણની ભારે ખરચથી વરાંઠી કરી હતી.

શાસ્ત્રીએ અત્યાર સુધીમાં નીચે મુજબની પ્લેઓ–નાટકો–લખી ભજવાવ્યાં હતાં:—

૧. **ગોપીચંદ**—એમાં મહેલનો સીન, કામરુ દેશમાં સવારને પોપટ બનાવી દેવો, કૂવામાં લાદમાં દટાયેલા મચ્છેંદ્રનાથના શાપનિવારણ અર્થે ગોપીચંદ જેવાં લોઢાનાં છ પૂતળાં બાળી દેવાં, નાટકની અંદર નાટક, વગેરે હેરત પમાડે એવા સીન–દેખાવ–હતા.

૨. **હરિશ્ચંદ્ર**—બાગમાં સર્પનો દેખાવ, સ્મશાનમાં બળતાં મડદાંનો દેખાવ, માતાનું ફાટવું, વગેરે વગેરે દેખાવ હતા.

૩. **રાધાવિલાસ**—મહેલ, જંગલ અને બાગ, ચંદ્રનો દેખાવ ને યમુનાજીમાંના કમળમાંથી ભગવાનનું પ્રકટ થવું, આકાશમાંથી નારદનું ઊતરવું, વગેરે.

૪. **ચિત્રસેન-ચંદ્રિકા**—ચંદ્રિકાને રાક્ષસે અધ્ધર લટકાવેલીનો દેખાવ, પડતા ધોધનો દેખાવ, ચિત્રસેનને ગરદન મારતી વખતે ઝટકાનો દેખાવ.

૫. **ચંદ્રકળા**—જેની અંદર પાત્રોને બોલવાનું ગદ્ય પણ પ્રાસબંધ હતું, તેમાં ગુણકાના ઘરનો દેખાવ અને અકબરનો દરબાર ઉત્તમ હતાં.

પ્રાસબંધ ગદ્યનાં થોડાંક વાક્યો:—

નાન્દીમાંથી—(જે પોતાના મિત્રોને ઉદ્દેશીને કહ્યું છે.)

સૂત્રધાર—ધન વિણ ગાંડાં, અક્કલ ઉજાડાં, અખંડિત ખાંડાં, એવું થાય છે, ફેરફેર જોયું જાય છે, તો પછી નવાઈ શી ? ભુંગળ વિનાની ભવાઈ શી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નટી—સ્વામી ! જ્ઞાન, માન, સાન શું ધન છે ? ખરું ખોટું જાણે એવો નહિ કોઈ સજ્જન છે ? કદી સગાંઓ ત્યાગે, પણ શું મિત્રોય ધન પર અનુરાગે ?

(ભરતપુરનો ફટાયો રાજા કેસરીસિંહ, જેને ભગવાનની લગની લાગી હતી, જંગલમાં રહી ભજન કરતો હતો, તેની સ્ત્રી દેવળદે અને પુત્ર ચંદ્ર અને પુત્રી કળાવતી ભૂખને મારે પિડાતાં હતાં તે વખતના પ્રસંગમાં—)

દેવળદેઃ—હાય ! નસીબ ! મારી આ અવદશા, છોકરાંના હાલ શા, આથી મરવું ભલું વીશ વસા, ભૂખથી જીવ આકળવિકળ થાય છે, આ બંનેને આવાં જોવાથી કાળજું કપાઈ જાય છે. સર્વને આરામ છે મોજશોખ સુખ વાસ્તે, આપદા કષ્ટ આવી પડયાં જન્મ્યાં અમે દુઃખ વાસ્તે.

ચંદ્ર—ઓ મા, મા, ભૂખથી જીવ જાય છે, દુઃખ થાય છે, કષ્ટે જીવ ગભરાય છે, હવે કૃમિ કરડી ખાય છે, હિંમત હારી જવાય છે.

કળા—ઓ માડી, ઓ વહાલી, બે દિવસથી ખાવા મળ્યું નથી, યત્ન કર્યે કંઈ વળ્યું નથી. જીવ તલપાપડ થઈ રહ્યો છે, અરધોપરધો વહ્યો છે, માબાપ છતે આ હાલ લહ્યો છે.

(કેસરીસિંહ જંગલમાં પાણી વગર અકળાય છે તે વખત કળિ [સેતાન] આવી દારૂ પાય છે ને એ પાણીનાં વખાણ કરે છે તે વખત —)

કેસરી—જો સર્વથી ન્યારું છે એ, નામે સારું કે નઠારું છે એ.

કળિ—પ્યારામાં પ્યારું છે એ, પીઓ, ખૂબ પીઓ, દારૂ છે એ.

કેસરી—થૂ-થૂ-થૂ-દારૂના નામ પર થૂ.

કળિ—કંઈ મળમૂત્ર પી ગયો તું. ...વગેરે.

(કેસરીસિંહને ભરતપુરનો રાજા મરી જવાથી ગાદી મળે છે, પછી દરબારમાં દારૂ પીએ છે, તે વખત કોઈ જમાત ભેળો ચંદ્ર આવી ચઢે છે તેને ઓળખે છે. તેને દરબારમાં કળિ દારૂ પાવાનો આગ્રહ કરે છે ત્યારે—)

ચંદ્ર—ગુરુજી, માફ કરો, દારૂ હરામ છે, થોડું યા વધારે પીવું સારું હરામ છે, જેને છાકટપણાનું પ્યારું નામ છે, દુશ્મન છે પીનારનો સાત વાર સલામ છે.

કળિ—બાપ પણ તારો દુશ્મન છે, કહે તો અરે ગમાર છે.

ચંદ્ર—બાપ પણ તારી પેઠે ધર્મનો તજનાર છે....વગેરે.

(છેલ્લે ચંદ્ર અને કળાનો દરબારમાં મેળાપ થાય છે તે વખત—)

ચંદ્ર—ઓ અમીર ઉમરાવો, આનંદ અપાર છે. સરદાર દરખદારો, ખુશી અપાર છે. પરમેશ્વરની કૃપા ભારી છે, આ કળા દુઃખિયારી બહેન અમારી છે.

વગેરે આખા નાટકનું ગદ્ય પ્રાસબંધ લખ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. **સૂર્યપ્રભા**—દરબાર, બાગ, જંગલ અને સમુદ્રમાં વહાણનો દેખાવ ઉત્તમ હતો.

એ સિવાય બીજી ૪ ઉર્દૂ પ્લેઓમાં સુધારા કરેલાં ઉર્દૂ ભાષાનાં નાટકો ભજવાતાં હતાં.

એવી રીતે દશ પ્લેઓ—નાટકો ભજવાતાં હતાં. પ્રેમાનંદના સત્યભામારોષદર્શિકા નાટકનું રિહર્સલ વડોદરામાં શરૂ કર્યું હતું. તે મુંબઈ જઈ ભજવવું એવા ઇરાદાથી નાટક કંપની ઉપાડવાનો વિચાર કર્યો, પણ છાપખાનાનાં ઘણાં નાણાં નાટક કંપનીમાં લઈ ગયેલા તેથી એમનું મન ઉદ્વિગ્ન રહેતું હતું, જેનું એક દૃષ્ટાંત આપું છું:—

એક વખતે અમે બંને નાટકકંપનીમાંથી વડોદરા આવતા હતા, ત્યારે બોરિયાવી સ્ટેશન આવ્યું. મેં કહ્યું, "અહીંથી મારું ગામ બે ગાઉ દૂર છે, આપણે જઈ આવીશું?" ત્યારે શાસ્ત્રી કહે, "તમને ઘેર જવાનો પ્રેમ થાય છે અને મને તો ઘેર જતાં સન્મુખ ધૂંધવતી વાઘણ દેખાય છે (સ્ત્રી). જમણી તરફ સમુદ્ર ઘૂઘવે છે (હરગોવિન્દદાસ). ડાબી તરફ દવ લાગે છે (છાપખાનાનું દેવું અને તેની અવ્યવસ્થા), અને પછવાડે વિકરાળ રીંછણ લોહી પી રહી હવે હાડકાં ચાટે છે (નાટકકંપની)." આવા ઉદ્‌ગારોની ફિકરમાં જ એમનું અવસાન થયું હતું.

એક વખતે રા. બ. હરગોવિન્દદાસ કહે: "તમે છાપખાનાનાં નાણાં લીધાં છે, તે હું માફ કરાવીશ, અને શેરહોલ્ડરો તો તમારું મિત્રમંડળ છે તે માફ કરશે. જે માફ નહિ કરે તેને હું આપીશ. નાટકકંપની છોડી દો; ને મૂળ મેનેજર કે કોઈ જે આપે તે લઈ સંતોષ માની અત્રે રહો તેમાં તમારી શોભા છે." મિત્રમંડળે પણ તેમ જ કહ્યું હતું. ત્યારે સર્વને એ જ ઉત્તર આપ્યો હતો કે "ઇશ્વર સહાય કરશે. મુંબઈમાં કંઈ નહિ વળે તો દરિયો તો છે જ." બધાએ હઠાગ્રહી માની કહેવાનું છોડ્યું.

સંવત્ ૧૯૫૧ ના વૈશાખ જેઠમાં કંપની ભરૂચ ગઈ, ત્યાં પણ પતરાં નાખી ભાડાનું કામચલાઉ થિયેટર બાંધ્યું હતું. ત્યાં બે માસ થયા એટલામાં મુંબાઈથી દયાશંકરની કંપની મોટા દબદબાથી ભરૂચ આવી; તેથી કંપનીને શ્રાવણ માસમાં સૂરત ભાડાના પાકા થિયેટરમાં લઈ ગયા. થિયેટરમાં કેટલોક સુધારો કરી ભાદરવા માસમાં ખેલ શરૂ કર્યો. પ્રેક્ષક વર્ગને પાસ પડ્યો. ત્યાં પાંચ માસ રહ્યા. માઘ માસમાં શાસ્ત્રી માંદા પડ્યા. ફાગણ માસમાં કંપનીને નમસ્કાર કરી ઘેર આવ્યા. સંવત્ ૧૯૫૨ ના ફાગણ વદિ ૧૩ એમનું અવસાન થયું. પછી મેનેજર તુલસીદાસે કંપની અંકલેશ્વર આણી ત્યાં બે માસ ગાળ્યા. ત્યાંથી ભરૂચ ફૂરજા ઉપરથી વહાણ માર્ગે ભાવનગર લઈ ગયા. હું અને અંબાશંકર સાથે હતા. દરબારમાં શોક હોવાથી એક માસ બેસી રહેવું પડ્યું. થિયેટર બાંધવામાં અને ઍક્ટરોનો પગાર આપવામાં ત્યાં દેવું કરવું પડ્યું. ખેલો શરૂ થયા પણ થિયેટરનું ભાડું, પગાર અને દેવું ઝટ પતી શક્યું નહિ. તેમનો તગાદો થયો. અમો બંને મેનેજરના દગાભર્યા વર્તનથી કંટાળ્યા હતા. મેનેજરે અનેક યુક્તિ અને બહાનાં બતાવી અમોને ફક્ત રૂ. ૫૦૦) પાંચસો આપી વિદાય કર્યા. આ વખતે છાપખાનામાં ઇશ્વરભાઈ ત્રીકમભાઈ વકીલ મેનેજર હતા. અમને આપેલા પાંચસો રૂપિયા છાપખાનામાં જમે કરાવ્યા હતા. એમ નાટકકંપનીની ઇતિ થઈ!!!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રીના અવસાન વખતે તેમનો મોટો દીકરો ચંદ્રશંકર પરણાવેલો ઉમર વર્ષ પંદરનો હતો. નાનો દીકરો સાંકળેશ્વર સાત વર્ષની ઉમરનો હતો. મોટી દીકરી બ્હેન મણિનાં લગ્ન થયેલાં હતાં. નાની બ્હેન સરસ્વતી કુંવારી હતી. એમનાં મહાદુઃખી વૃદ્ધ માતા હયાત હતાં. તે બધાનો નિવેડો—નિભાવ—એમનાં વિધવા પત્ની દિવાળીને માથે પડ્યો હતો. એમનાં માતા એમના અવસાન પછી દોઢ વર્ષે ગુજરી ગયાં; ને પરણાવેલો પુત્ર ચંદુ પણ બે વર્ષે ગુજરી ગયો. બીજા પુત્ર સાંકળેશ્વરને એની વિધવા માતાએ ઉપનયન સંસ્કાર કર્યો હતો. તે પણ શાસ્ત્રીના અવસાન પછી ત્રીજે વર્ષે ગુજરી ગયો.

સરકારમાંથી મળતું વર્ષાસન કાયદા મુજબ અડધું એમના પુત્ર ચંદ્રશંકરને નામે દોઢસોથી થયું હતું. એ ચંદુના મરણ પછી સાંકળેશ્વરના નામ પર નીમે ભાગે રૂપિયા પંચોતેરથી થયું હતું. તે ગુજરવાથી તેનું અર્ધ વર્ષાસન શાસ્ત્રીનાં વિધવા પત્ની દિવાળીને નામે રૂપિયા ચાળીસથી બંધાયું છે. તે વડે તેનું ગુજરાન ચાલે છે. એમનાં પત્ની દિવાળીએ નાની કુંવારી દીકરી માણેકલાલ વકીલના પુત્ર સાથે પરણાવી હતી, તે પણ વિધવા થઈ છે.

એમ આજે શાસ્ત્રીનાં વિધવા પત્ની દિવાળી, મોટી દીકરી મણિ જે પરિવારમાં સુખી છે તે, અને પુત્રવતી પણ વિધવા પુત્રી સરસ્વતી, એ ત્રણ હયાત છે. અને મોટા દીકરાની સ્ત્રી બાળવિધવા ગોદાવરી કેળવણી ખાતામાં નોકરી કરે છે તેનાથી શાસ્ત્રીનાં પત્નીનું ગુજરાન થાય છે.

'વિચાર્યું વાયે જાય અને અણવિચાર્યું આગળ થાય' એ મુજબ શાસ્ત્રીનો આત્મા આ પૃથ્વી ઉપરથી પોતાનું સર્વસ્વ લઈ સ્વદેશ સિધાવ્યો. પરમાત્મા એમના આત્માને શાન્તિ આપો!

પ્રો. ભટ્ટ અને વાચકવૃંદને વિનંતી કે આ લેખ મેં ૪૬ વર્ષે સ્મૃતિ મુજબ લખ્યો છે. તેમાં સંવત, તિથિ કે હકીકતમાં ફેર હશે જ. બનતાં સુધી તો ચોક્કસ જ છે. છતાં હોય તો દરગુજર કરશો.

છેવટે **પુસ્તકપ્રચારક સજ્જનોને મારી ખાસ વિનંતી** કે આ લેખ લખવા મને પ્રો. ભટ્ટે સૂચવ્યું. તે લખતાં પરિશિષ્ટો માટે ગ્રંથો જોવાની જરૂર પડી. તેથી હું વડોદરા આવ્યો. ગ્રંથો ભેગા કરવામાં પ્રો. ભટ્ટને અને મને જે શ્રમ પડ્યો તે તો અમો જ જાણીએ છીએ. ઘણાં માણસોને ઘણા કાલાવાલા કરવા પડ્યા, તોપણ છપાયેલાં બધાં પુસ્તક ન મળ્યાં. વડોદરામાંથી ન મળે તો બીજે મળવાં મુશ્કેલ કહેવાય. તેથી કરીને એ ફરી છપાવવા માટે કોઈ મન પર ધારે તો ઠીક.

